ભૂગોળ

, મુંબઇ ઇલાકો, હિંદુ

ભાગ ૧ લે

ગુજરાતી ધોરણ બીજાં, ?
તથા અંગ્રેજી ધોરણ પ

રચનાર,

દીનશાહ કુંવરજી ભ
તે
'મેહેર અલ્લાહ,' 'શયતાન કેબલા,' 'શ
તથા એસિસ્ટંટ ટિચર ધી દા. કા. ત

:o:

સને ૧૮૬૭ ના એક્ટ મુજબ રેજીસ્ટ
સચિત્ર આવૃત્તિ ત્રી

મુંબઇ.
"ફોર્ટ પ્રિન્ટિંગ પ્રેસ."માં ગણપતરાવ

૧૯૧૦

કિમ્મત ચાર અ

THE FORT PRINTING

ભૂગોળ

મુંબઇ, મુંબઇ ઇલાકો, હિંદુસ્તાન અને એશિયા.

ભાગ ૧ લો.

(ગુજરાતી ધોરણ બીજાં, ત્રીજાં, અને ચોથાં
તથા અંગ્રેજી ધોરણ પેહેલાં માટે.)

રચનાર,
દીનશાહ કુવરજી ભાગળીઆ,
તે
'મેહેરે અલ્લાહ,' 'શયતાન કેબલા,' 'શાહુ ચોર,' ઇત્યાદિના લેખક
તથા એસિસ્ટંટ ટિચર ધી દા. કા. તાતા એ. વ. સ્કુલ.

સચિત્ર આવૃત્તિ ત્રીજી.

મુંબઇ:
"ફોર્ટ પ્રિન્ટિંગ પ્રેસ." ગણપતરાવ રામાજીરાવે છાપ્યું છે.

૧૯૧૦

કિમ્મત: ચાર આના.

મારી તરફનું કથન

——:o:——

ત્રીજી આવૃત્તિ ! પરમાત્માની આવી મેહેર માટે જો હું મને પોતાના તે દયાલુ બાપના આભાર ના ડુંગર તળે કચડાયલો સમજતો હોઉં તો તેમાં કશું ખોટું નથી. ઇશ્વિરેચ્છાથી ત્રણ વર્ષમાં મારાં આ લઘુ પુસ્તકની બીજી આવૃત્તિ ખપી ગઇ છે અને આ નવિન, સુધારા વધારા સાથની આવૃત્તિ સાથે હું પાછો બહાર પડયો છું.

આ વિષયનો હું કાંઈ મોટો અભ્યાસી નથી કે કાંઇક સુચનાઓ કરવાની શેખી કરૂં, છતાં મારી અલ્પ મતિનાં પ્રમાણુસાર બીજી આવૃત્તિમાં ભૂગોળ બાબે જણાવેલા મારા વિચારોનું પુનરાવર્તન કરવાની જરૂર જોઉં છું.

" ભૂગોળનાં શિક્ષણ બાબે હાલમાં મોટો સવાલ ચરચાવા લાગ્યો છે. આગળની ગોખણપટ્ટી એ એક ભૂતકાળની હસવા જોગ યાદ ફકત રહી છે. ભૂગોળનાં શિક્ષણમાં હવે મોટો ફેરફાર થઇ ગયો છે. જીંદગી માટેની ઉપયોગી બાબતોનો જેટલો ઘાડો સંબંધ ભૂગોળનાં વિષય સાથે છે તેટલો મોટો સંબંધ બીજા કોઇ વિષય સાથે નથી. આ વિષયનો દરેક દિવસે વાતચિત વગરે આદિ કામોમાં મોટો ઉપયોગ થાય છે. બુધ્ધિ અને કલ્પના શકિત મેળવવામાં આ વિષય એક મોટું સાધન છે, તેથી જો તેપર લક્ષ આપવામાં આવે તો જરૂર ખરી નેમ પાર પડયા વિના રહે નહિ.

આ શરૂઆતનો ભાગ નાના બાળકો માટેનો છે. આપણા દેશમાં તેમજ જર્મની, અમેરિકા, ઇંગ્લેન્ડ વગરે દેશોમાં ભૂગોળ

શીખવવાની સુચના/ —જણાય છે કે આ વિષયની શરૂઆત પહેલાં શાળાના ઓરડાની દિશા જણાવ્યાથી કરવી; ત્યાંથી શાળાની ભૂગોળ પર જવું અને દિશા સાથે હકીકતપર પણ વધતા જવું. શાળાપરથી નીકળી ગામની જાણવાજોગ જગ્યા જે બાળકોએ ખાસ જોઇ હોય તેપર જવું અને ત્યારબાદ ક્રમવાર વધવું. આ સાથે સાથે બાળકોને પ્રત્યેક બાબત શીખવતાં તેનો નકશો ચિતરતાં શીખવવો, જેથી કરીને અમુક જગ્યા અમુક દિશાએ આવી છે તેનું પાકું જ્ઞાન થશે. આવા શિક્ષણથી બાળકની બુદ્ધિ ઘણી તિવ્ર થશે. વ્યાખ્યા વગેરેનું શિક્ષણ કુદરતી વિભાગો બતલાવી સહેલાઇથી શીખવી શકાય. જ્યાં આવાં સાંધન ન હોય ત્યાં એવા આકારો બતાવી બાળકોનું ધ્યાન ખેંચી શકાય. એક જગ્યાની સંપૂર્ણ ભૂગોળ શીખવ્યા બાદ બીજા પરદેશી મુલકોની ભૂગોળપર જતાં સરખામણીઓ કરી, સવાલો પૂછી સહેલાઇથી જે તે ભાગોની બાબતો કઢાવવી. આ થવાથી બાળકની અવલોકન શકિત અને તર્ક બુદ્ધિ પ્રદિપ્ત થશે. બનતાં સુધી આ વિષયને રસમય કરી શીખવવાથી બાળકને આનંદ થઇ તે ઝટ ધ્યાનમાં રહી જાય છે.”

આ નવિન આવૃત્તિ માટે પણ અત્રે હું કાંઇક થોડું બોલીશ. આ આવૃત્તિ તદ્દનજ up to date રાખવામાં આવી છે એતો નિઃશંસય છે. કેળવણીમાં ઘુમી રહેલા વેત્તાઓની દિર્ઘ સુચનાઓનો આ આવૃત્તિમાં મેં ખાસ ઉપયોગ કર્યો છે એમ જણાવવામાં કશી સહરાગ્રાત નથી. હાલના જમાનાને અનુસાર શિક્ષણ માટેનો યોગ્ય માવોજ ફકત આ આવૃત્તિમાં દાખલ થયો છે. રાજકિય અને વ્યાપારી ભૂગોળનું ખાસ જરૂરી જ્ઞાન બાળકોને બરાબર અનુસરતું

આપી શકાય એવી રીતેજ ફ્કત હાલ [illegible]ા ભાગમાં દાખલ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બીજા ઘણા સુધારા છે તે બધા અત્રે નિવેદન કરતાં હું આ આવૃત્તિની પરિક્ષા મારા પરિક્ષક સાહેબોના હાથમાં સોંપીશ.

મને જણાવવાને ઘણોજ સંતોષ અને હર્ષ ઉપજે છે કે આ મારી નવિન આવૃત્તિનું અસલ લખાણ (મેન્યુસ્ક્રિપ્ટ) વડોદરા રાજ્યના ઇ૦ સ૦ ૧૯૧૦નાં, કેળવણીનાં કોનફરન્સમાં રજુ થતાં તે બધાની પસંદગી પામ્યું હતું અને તેથી વડોદરા રાજ્યનાં કેળવણી ખાતાંએ આ મારી ત્રીજી આવૃત્તિને પોતાના નંબર ૧૨ ના ઠેરાવ મુજબ રાજ્યની તમામ શાળાઓમાં ટેકસટ બુક તરિકે મંજુર કરી છે. વડોદરા રાજ્યનાં કેળવણી ખાતાનાં મારા જેવાને ઉત્તેજન આપનારા આ સ્તુત્ય ઠેરાવ માટે હું તે ખાતાંનો તથા ખાતાંના વિદ્વાન વડા મી૦ આદરજી મેહેરનોસજી મસાની, એમ. એ; બી. એસ. સી, નો ભારે આભારી થયો છું.

આ નવિન આવૃતિમાં મેં મુંબઇ બેટ તથા એશિયા ખંડની સામાન્ય ભૂગોળનો વધારો કર્યો છે કે જેથી મુંબઇ ઇલાકાની સ્કુલોમાં પણ તે દાખલ થઇ શકે.

ગુજરાતી ભૂગોળોમાં નકશાઓ દાખલ કરવાની શરૂઆત હાલમાં મેં કાંઇક થોડે દરજજે કરી છે. જો કે આ પેહેલા ભાગમાં ફ્કત એકજ નકશો આ વખતે દાખલ કર્યો છે, પણ બીજા ભાગમાં પાંચ નકશા દાખલ કર્યા છે. મારી ઘણી કોશેશ છતાં આવા સાદા અને સફાઇદાર ગુજરાતી નકશા હું મેળવી શકયો નથી પણ મને દરેક ઉમેદ છે કે મુંબઇ ઇલાકાના કેળવણી ખાતાં તરફથી મારા આ

પ્રયાસને ઉત્તેજન મળશે. ...વે પછીની આવૃત્તિ હું આવા સુંદર ગુજરાતી નકશાઓથી છપાવવા શક્તિવાન થઇશ. આ ભાગમાં આટલા બધા સુધારા વધારા કરવા છતાં મેં તેની કિમ્મતમાં કશો વધારો કર્યો નથી, એવી આશાએ કે કેળવણી ખાતાંના વડાઓનું આ લઘુ પુસ્તક તરફ ધ્યાન ખેંચાય અને પોત પોતાને ત્યાં આ સસ્તી અને સારી ભૂગોળ દાખલ કરવાનું મન કરે.

આ આવૃત્તિમાં મને કિમતી મદદ કરનારા કેટલાક ગૃહસ્થોનો ઉપકાર માનવાની હું આ તક જવા દેવી ઠીક ધારતો નથી. આ આવૃત્તિ તૈયાર થતાં વડોદરા રાજ્યની મેલ ટ્રેનીંગ કોલેજના વિદ્વાન પ્રિન્સિપાલ, મી૰ નંદનાથ કે. દીક્ષીત એઓએ જે જે કિમતી સુચનાઓ કરી છે તથા મારૂં અસલ લખાણ તપાસી પોતાનો સંતોષ જણાવ્યો છે તે માટે હું તેમનો ખરાં જીગરથી અત્રે ઉપકાર માનું છું. મી. દીક્ષીત પછી આ આવૃત્તિમાં મદદ કરનારા તથા સુચનાઓ સાથે મારૂં અસલ લખાણ તપાસનારા કેળવણીના ઉસ્તાદો, શેઠો છગનલાલ ટી. મોદી, એજયુ. ઇન્સ. કડી પ્રાન્ત; ચુનીલાલ ક પટેલ, એજયુ. ઈન્સ. નવસારી પ્રાન્ત; મગનલાલ સી. દેસાઇ, એજયુ. ઈન્સ. વડોદરા પ્રાન્ત; ગોરધનદાસ નૈ. કાજી, એજયુ. ઇન્સ. અમરેલી પ્રાન્ત; ખંડેરાવ મા. શ્રંગારપુરે, મરાઠી ડે૦ એજયુ., ઇન્સ. વડોદરા રાજય; ગોવીંદભાઇ હા. દેસાઇ, સેનસસ સુપ્રીન્ટેન્ડેન્ટ, વડોદરા રાજ્ય અને જે. એફ. માદન, ડે૦ એજયુ. ઇન્સ. મુંબાઇ (રીટાયર્ડ) નો હું ઉભરાતાં જીગરે ઉપકાર માનું છું. આ ઉપરાંત કેળવણીનાં કાર્યમાં ઉત્સાહથી ભાગ લેતા બીજા જે જે વિદ્વાનોએ મને મદદ કરી છે તેમનો પણ આભાર માનું છું.

બહુ થયું. આ લઘુ પુસ્તક કેળવણી ખાતાંઓનાં વડાઓનાં હાથમાં મુકવા પહેલાં આશા રાખીશ કે મારી જે જે ખામીઓ રહી હોય તે તે તરફ મારૂં લક્ષ ખેંચવાની મેહેરબાની કરવી, કે જેથી નવિન આવૃત્તિમાં ભૂલો રહે નહિ; કેમકે મારૂં પુસ્તક અનેક આવૃત્તિઓ જોય અને તે એક નમુનેદાર શાળોપયોગી પુસ્તક થાય એવી મને મોટી ઉમેદ છે. એકવાર ફરીથી વડોદરા રાજ્યનાં કેળવણી ખાતાંનો તથા તેના વિદ્વાન વડાનો તેમજ મને મદદ કરનારા મેહેરબાનો તથા વિદ્વાનોનો ઉપકાર માનવા સાથે આ આવૃત્તિ ઝડપથી છાપી મને પૂર્ણ સંતોષ આપવા માટે હું 'ફોર્ટ પ્રિન્ટિંગ પ્રેસ'ના માલેકોનો ઉપકાર માનું છું.

નવસારી

૧-૧૦-૧૦ **દીનશાહ ફ઼. ભાગળ્યા.**

ભૂગોળ

મુંબઈ ઈલાકો અને હિંદુસ્તાન
ભાગ ૧ લો

સામાન્ય જ્ઞાન

ભૂગોળ એ બે શબ્દ મળીને થયલો શબ્દ છે. ભૂ એટલે પૃથ્વી અને ગોળ એટલે ગોળો અને વિદયા એટલે જાણવું. આ પ્રમાણે ભૂગોળ વિષ્યાનો એવો અર્થ થાય છે કે પૃથ્વીના ગોળા વિષેનું જ્ઞાન. ભૂગોળ વિષ્યાથી પૃથ્વીના રાજ્યકિય વિભાગો, વસ્તિ, વિસ્તાર, રાજયનીતિ વગેરે વગેરે બાબતો જણાય છે. પરમેશ્વરે જુદે જુદે ઠેકાણે જુદી જુદી જાતની હવા, જુદાં જુદાં પ્રાણીઓ અને વનસ્પતિઓ બનાવેલી છે, તો તે સઘલું કયા દેશમાં છે તે તથા જુદા જુદા દેશોની રીત ભાત શી શી છે તથા જે તે દેશની પ્રજાની સ્થિતિ કેવી છે તે વગેરે આખી દુનિયાનું સામાન્ય જ્ઞાન મુસાફરી કર્યાવિના ભૂગોળનાં શિક્ષણથી મળે છે.

ભૂગોળના ભાગો.

હાલમાં ભૂગોળને ચાર વિભાગોમાં વહેંચવામાં આવી છે.

૧. ખગોળ ભૂગોળ ૨. ગણિત ભૂગોળ, ૩. ભૂતળ વિષ્યા,

૪. રાજ્યકિય અને વ્યાપારી ભૂગોળ.

જે વિષ્યાથી આપણી પૃથ્વી સૂર્ય મંડળના એક ગ્રહ તરિકે છે એવું જ્ઞાન થાય છે તેને **ખગોળ ભૂગોળ** કહે છે.

જે વિષ્યાથી પૃથ્વીના આકાર, કદ તથા તે વગેરેનું જ્ઞાન થાય છે તેને **ગણિત ભૂગોળ** કહે છે.

જે વિષ્યાથી કુદરતી જાનવરો, પ્રાણીઓ અને જડ પદાર્થોની બાબતમાં થતા ચમત્કારો, ઋતુ, પવન તથા જમીન વગેરેનું ભાન થાય છે તેને **ભૂતળ ભૂગોળ** કહે છે.

જે વિષ્યાથી પૃથ્વીના લોકો કેટલી જાતોમાં વહેંચાયલા છે તથા કયા રાજ્યની કેટલી સત્તા છે, કેટલી વસ્તિ છે તે વગેરેનું જ્ઞાન થાય છે તેને **રાજ્યકિય ભૂગોળ** કહે છે.

દરેક દેશનાં પ્રાણી, વનસ્પતિ અને ખનિજ, ઉત્પન્ન શું છે તથા નિકાશ અને આયાત શું છે તેનું જ્ઞાન જે વડે મળે છે તેને **વ્યાપારી ભૂગોળ** કહે છે.

પૃથ્વી અને આકાર

પૃથ્વી ગોળ છે પણ તે ગોળાકારમાં લગભગ નારંગીને વધુ મળતી આવે છે. પૃથ્વી સપાટ દીસે છે કેમકે આપણને એકી વખતે તેનો થોડોજ ભાગ માલુમ પડે છે. તે ગોળ છે એમ સાબીત થઇ ચુકયું છે, કારણ કે દ્રષ્ટિ મર્યાદા જે આપણે જોઇએ છે તેનો આકાર ગોળ છે.

૨ જ્યારે એક વહાણુ જમીન તરફ આવે છે ત્યારે પહેલાં તેનો સઢ, ડોળ અને છેવટે નીચલો ભાગ દેખાય છે. વહાણુ જમીનથી દુર જાય છે ત્યારે પહેલાં નીચલો ભાગ દેખાતો બંધ થાય છે અને છેવટે સઢ દેખાતો નથી. પૃથ્વી જો સપાટ હોત તો એમ બનતે નહિ; ૩. પૃથ્વીની જે છાયા ચંદ્રપર ગ્રહણુ વખતે પડે છે તે હમેશાં ગોળ છે; ૪. પૃથ્વીની વારંવાર પ્રદક્ષિણા થઇ છે અને તે ગોળ સિધ્ધ થઇ ચુકી છે.

પૃથ્વીના બે ભાગો કરવામાં આવ્યા છે. પૂર્વ ગોળાર્દ્ધ અને પશ્ચિમ ગોળાર્દ્ધ. પૃથ્વીની અંદર આવેલી જમીનના પાંચ ભાગો કરવામાં આવ્યા છે. પૂર્વ ગોળાર્દ્ધમાં એશિયા, યૂરોપ અને આફ્રિકા નામના ખંડો છે, જેઓ જુની દુનિયાને નામે ઓળખાય છે. જયારે પશ્ચિમ ગોળાર્દ્ધમાં અમેરિકા ખંડ છે, જેને નવી દુનિયા ગણુવામાં આવે છે. પૂર્વ ગોળાર્દ્ધમાં ઓશિયાનિયા નામે એક મોટો દ્વીપ છે તેને પણુ ખંડ તરીકે ગણુવામાં આવ્યો છે.

આપણી પૃથ્વીનો વ્યાસ પૂર્વથી પશ્ચિમ તરફ ૭૯૨૬ માઇલ છે, જયારે તેનો પરિઘ ૨૪,૯૦૦ માઇલ છે. પૃથ્વી એ ગ્રહમંડળમાંનો એક ગ્રહ છે.

આખી દુનિયાની વસ્તિ છેલ્લી ગણુત્રી પ્રમાણે એક અબજ અને બાવન કરોડની છે, જુદા જુદા ભાગોમાં પડતી ગરમી અને ઠંડીનાં પ્રમાણુમાં ત્યાંનાં વસ્તા લોકોની ચામડીનો રંગ ઉજળો અને કાળો હોય છે. પૃથ્વીપર સઘળે ઠેકાણે જમીનજ નથી, પણુ તે તો ફક્ત પૃથ્વીનો તૃત્યાંશ ભાગ રોકે છે, જયારે બાકીનો બે તૃત્યાંશ ભાગ પાણીનો છે.

પાણીના ભાગો.


પાણીના પાંચ મોટા ભાગો છે. જેના નામો પાસીફિક, હિંદી, આટલાંટિક, ઉત્તર અને એનટારટિક મહાસાગરો છે.

દિશાઓ અને ખૂણાઓ.

દિશાઓ ચાર છે. પુર્વ, પશ્ચિમ, ઉત્તર, અને દક્ષિણ.

સૂર્ય ઉપરથી પૃથ્વીની દિશાઓ નકકી કરેલી છે. જે દિશામાં સૂર્ય સવારે દેખાય છે તેને ઉગમણી (ઉગવું તે) અથવા પૂર્વ દિશા કહે છે અને સૂર્ય સાંજે જ્યાં જણાય છે એટલે આથમે છે, તેને (આથમણી) પશ્ચિમ દિશા કહે છે. હવે પૂર્વ દિશા નક્કી કર્યા પછી પૂર્વ તરફ મોં કરીને છોકરાઓને ઉભા રાખીએ અથવા આપણે ઉભા રહીએ તો એક બાજુ ડાબા હાથ તરફ આવે છે તેનું નામ ઉત્તર દિશા રાખવામાં આવ્યું છે અને જમણા હાથપર આવેલી બાજુનું નામ દક્ષિણ દિશા રાખવામાં આવ્યું છે.

એ ચારે બાજુઓ આ પ્રમાણે રહે છે. એટલે એક બાજુ રૂપ ઉભી સીધી લીટી તે બીજી બાજુની આડી સીધી લીટી ઉપર પડવાથી ખૂણાઓ બને છે, માટે એવા બનતા ચાર ખૂણાઓને પણ ઓળખવા માટે ચાર નામ



પાડી રાખેલાં છે. જેમકે ઉત્તર અને પૂર્વ વચ્ચે જે ખૂણો બને છે તેનું નામ ઇશાન છે. પૂર્વ તથા દક્ષિણ વચ્ચે જે ખૂણો બને

છે તેનું નામ અગ્નિ ખૂણો છે દક્ષિણ અને પશ્ચિમ વચ્ચે જે ખૂણો બને છે તેને નૈઋત્ય નામ આપેલું છે, તેમજ પશ્ચિમ અને ઉત્તર વચ્ચેના બનેલા ખૂણાને વાયવ્ય ખૂણો કહે છે.

ઉત્તર દિશાની સામેની દક્ષિણ અને પૂર્વની સામેની બાજુ પશ્ચિમ, એ પ્રમાણે સામાસામી બાજુઓ છે. વળી ખૂણા પણ તેજ પ્રમાણે સામસામા છે. ઇશાન સામે નૈઋત્ય ને અગ્નિ સામે વાયવ્ય. આ બધું પૃથ્વીની સપાટીની દિશા તથા ખૂણાઓ છે; પણ પૃથ્વીની સપાટીનું ચિત્ર કાગળ ઉપર કાઢયું હોય ત્યારે તે ચિત્રવાળો કાગળ **નકશો** કહેવાય છે. તેની દિશાઓ ઓળખવાની રીત એ છે કે નકશાના ઉપલા ભાગને ઉત્તર દિશા સમજવી, નીચેના ભાગને દક્ષિણ, જમણા હાથ તરફની પૂર્વ અને ડાબા હાથ તરફની પશ્ચિમ. ખૂણાઓ તો ઉપર જે તે દિશાઓમાં આવેલા જણાવ્યા છે.

વ્યાખ્યાઓ.

ફળીઉં—ઘણાં ઘરોને ઓળખવાને એક જથ્થો બાંધેલો હોય તેને શેરી, ફળીઉં કે મોહલ્લો કહે છે.

બજાર—જયાં આગળ દુકાન મંડાય, અનાજ, કાપડ, વગેરે વેચાય તેને બજાર કહે છે.

ગામ—ઘણા મોહલ્લાઓના જથ્થાના એક નામને ગામ કહેછે.

કસ્બો—જેની અંદર ગામના કરતાં ઘણા મોહલ્લા એટલે વસ્તિ વધારે હોય, બજાર હોય, તેને કસ્બો કહે છે.

શેહેર—કસ્બા કરતાં જેમાં વસ્તિ વધારે, ઘણાં બજારો હોય, તથા જયાં સારો વેપાર ચાલતો હોય તથા જયાં મોટાં મોટાં ઘરો હોય તેને શેહેર કહે છે.

તાલુકો—ઘણાં ગામોનો એક જથ્થો હોય તેને તાલુકો અથવા પરગણું કહે છે.

જીલ્લો—ઘણા તાલુકા મળીને એક ભાગ બને છે તેને જીલ્લો કહે છે.

પ્રાન્ત—ઘણા જીલ્લા મળીને જે ભાગ બને છે તેને પ્રાન્ત કહે છે.

ઇલાકો—ઘણાં પ્રાન્ત મળીને બનેલો ભાગ તે ઇલાકો કહેવાય છે.

સંસ્થાન—રાજાઓના નાના ખંડીઆ મૂલકને સંસ્થાન કહે છે.

એજન્સિ—કેટલાક નાના રાજ્યોને એક અમલદારની દેખરેખ તળે સોંપેલા હોય એવા ભેગા કીધેલા ભાગને એજન્સિ કહે છે.

દેશ—ઘણા ઈલાકા મળીને થયલો ભાગ તેને દેશ કહે છે.
ખંડ—ઘણા દેશ મળીને થયલા ભાગને ખંડ કહે છે.

પાણીના વિભાગની વ્યાખ્યાઓ.

તળાવ—જેની ચારે બાજુએ જમીન અને વચમાં વરસાદનું મીઠું પાણી રહેતું હોય તેને તળાવ કહે છે.

સરોવર—તળાવ કરતાં મોટા ભાગને સરોવર કહે છે.

સમુદ્ર—ખારાં પાણીના મોટા ભાગને સમુદ્ર કહે છે.

મહાસાગર—સમુદ્ર કરતાં ખારાં પાણીના મોટા ભાગને મહાસાગર કહે છે.

અખાત—સમુદ્રની અણી લાંબી થઇને જમીનમાં ગયલી હોય તેને અખાત કહે છે.

ઉપસાગર—પહોળાં મહોઢાંના અખાતને ઉપસાગર કહે છે.

સામુદ્રધુની—પાણીના બે મોટા ભાગને સાંધનારા પાણીના નાના ભાગને સામુદ્રધુની અથવા સંયોગીજળ કહે છે.

નદી—પર્વત, ડુંગર, કે સરોવરમાંથી મીઠાં પાણીનો રેલો નીકળી સમુદ્ર કે પાણીના મોટા જથ્થાને મળે છે તેને નદી કહે છે.

મૂળ અને મુખ—નદી જયાં આગળથી નીકળે છે તેને મૂળ કહે છે અને નદી જયાં આગળ સમુદ્ર કે કોઈ પાણીના ભાગને મળે છે તેને મુખ કહે છે.

શાખા—મોટી નદીમાંથી ફાંટો નીકળી નાની નદીને પેઠે વહે છે તેને શાખા કહે છે.

સંગમ--જે ઠેકાણે બે નદીઓ મળે છે તેને સંગમ કહે છે.

નાળું—નદી કરતાં નાના ભાગને ઝરો અથવા નાળું કહે છે.

ખાડી—નદી કરતાં નાના ભાગને ખાડી કહે છે. ખાડીમાં પાણી ફક્ત ચોમાસામાંજ રહે છે.

નેહેર—બે નદી, શહેરો, સરોવરો, કે સમુદ્ર જોડવાને માણસના હાથે બનાવેલા પાણીના ભાગને નેહેર કહે છે.

ભરતી ઓટ--દરિયા કે નદીમાં દહાડામાં બે વાર પાણી ચઢે છે તેને ભરતી કહે છે, અને ચઢેલું પાણી ઉતરી જાય છે તેને ઓટ કહે છે.

જમીનના વિભાગની વ્યાખ્યાઓ.

દ્વીપ—જેની ચારે બાજુએ પાણી અને વચમાં જમીન હોય તેને બેટ, ટાપુ, અથવા દ્વીપ કહે છે.

દ્વીપકલ્પ--જેની ત્રણ બાજુએ પાણી અને એક બાજુએ જમીન હોય તેને દ્વીપકલ્પ કહે છે.

ભૂશિર--જમીનની અણી લાંબી થઇને સમુદ્રમાં ગયલી હોય તેને ભૂશિર કહે છે.

સંયોગીભૂમિ—જમીનના બે મોટા ભાગને સાંધનારા જમીનના નાના ભાગને સંયોગીભૂમિ કહે છે.

ડુંગર—જમીન ઉપર ઉંચા ટેકરા હોય તેને ડુંગર કહે છે.

પર્વત—ડુંગર કરતાં ઘણા ઉંચા ટેકરા હોય તેને પહાડ કે પર્વત કહે છે.

શિખર—પર્વતના ઉંચામાં ઉંચા ભાગને શિખર કહે છે.

બળતો પહાડ—જે પર્વતને મથાળેથી ધુમાડો, રાખ, ઉનો રસ, નીકળે છે તેને જવાળામુખી અથવા બળતો પહાડ કહે છે.

જંગલ—જમીનનો જે ભાગ ઝાડોથી ભરપૂર હોય છે તેને જંગલ રાન કે વન કહે છે.

રણ—જમીનનો જે ભાગ ઘણે દૂર, સપાટ રેતીથી ભરપૂર હોય છે અને જયાં ઝાડ, પાણી, કે કાંઇપણ મળે નહિ તેને રણ કહે છે.

ખરાબો—દરિયામાં એવા પથ્થરના ટેકરા હોય જે ભરતી વખતે દેખાય નહિ અને તેની સાથે અથડી વહાણો ભાંગી જાય છે; એવા ટેકરાને ખરાબો કહે છે.

કિનારો—દરિયાની પાસે આવેલી જગ્યાને કિનારો કહે છે.

દોઆબ—બે નદીઓ વચ્ચે આવેલા પ્રદેશને દોઆબ કહે છે. તેમજ પાંચ નદીની વચ્ચે આવેલા પ્રદેશને પંજાબ કહે છે.

બંદર—નદી કે દરિયા કાંઠે આવેલું શહેર કે જયાંથી માલ ઉતરી ચઢી શકતો હોય તેને બંદર કહે છે.

ખીણ—ડુંગર કે પર્વતની વચ્ચેની જગ્યાને ખીણ કહે છે.

ખાણ—જે જગ્યામાંથી ધાતુ વગેરે કુદરતી રીતે બનેલાં પદાર્થો નીકળે છે તેને ખાણ કહે છે.

બેટથી... ... ...ઉલટું ... ...સરોવર કે તળાવ.

ભૂશિરથી.............. ,, ...અખાત.

સંયોગીભૂમિથી ... ,, ...સામુદ્રધુની.

વગેરે:

મુંબઇ બેટ.

હકીકત—આ બેટ, હિંદુસ્તાનને પશ્ચિમ કિનારે છે. પહેલાં એ ફિરંગી ઓના તાબામાં હતો પણ ઇ. સ. ૧૬૬૧ માં અંગ્રેજોના હાથમાં આવ્યો હતો. પહેલાં અહિયાં નાનુ ગામડું હતું પણ દરિયો પાસેથી હોવાથી અંગ્રેજો તથા વેપારીઓ અહિંયાં આવ્યા અને મુંબઈ શહેર જલદીથી આખાં હિંદનું આગેવાન થઈ ગયું છે. કોટ અને બહાર કોટ નામના એના બે વિભાગો છે. બોરીબંદરથી કોલાબા સુધીનો ભાગ કોટ તરિકે ગણાય છે, જ્યારે ઉત્તર તરફના ભાગને બહાર કોટ કહે છે. પહેલાં કોટ વિભાગમાં તેનાં રક્ષણ અર્થે જાડી દીવાલ ફરતે હતી પણ હવાની આવજા માટે મુંબઇ સરકારે ઇ. સ. ૧૮૬૩ માં તે તોડી નાંખી હતી તથા આ "કોટ" ને ફરતી ખાઇ પુરી દીધી હતી.

સીમા—ઉત્તરે સાલસેટ બેટ, પશ્ચિમે ને દક્ષિણે અરબી સમુદ્ર તથા પૂર્વે મુંબઈનું બારૂં તથા કોકણનો કિનારો છે.

વિસ્તાર—મુંબઇ બેટની લંબાઇ બાવીસ ચોરસ માઇલ અને પહોળાઈ આશરે ચાર માઇલ છે. એ બેટ સપાટ છે, પણ આસપાસ નીચા ડુંગરો છે. એનો આકાર લગભગ ત્રિકોણ છે.

બેટ—ધારાપુરી. આ બેટ ડુંગરમાંથી કોતરી કાઢેલાં પુરાતન દેહરાં ઓ માટે જાણીતો છે.

દ્વીપકલ્પ—કોલાબા, નૈરૃત્યે; વાલકે[redacted]શ્ચિમે તથા વરલી, વાયવ્ય કોણે છે.

ભૂશિર—કોલાબા, કોલાબાની દક્ષિણે; વાલકેશ્વર, વાલકેશ્વરની ઉત્તરે; તથા વરલી, વરલીની ઉત્તરે છે.

ઉપસાગર—બૅકબે, નૈરૃત્યે તથા માહિમ ઉત્તરે છે.

ડુંગર—મલબાર અને ખંબાલા, પશ્ચિમે છે. સીવરી તથાભંડારવાડા, પૂર્વે છે. વરલી, વાયવ્ય ખૂણે છે.

તળાવ—નાખોદાનો તળાવ, બાબુલા તળાવ, ધોબીતળાવ, કાવસજી પટેલતળાવ, ગોવાળ્યા તળાવ, પરેલ તળાવ, નાયગામ તળાવ અને જાંબલી તળાવ મુખ્ય છે.

બારૂં—મુંબઇનાં બારાંનો વિસ્તાર મોટો છે. દુનિયામાંના સૌથી મોટાં બંદર માનું એક એ છે તથા હિંદુસ્તાનમાં તો તે બધાં કરતાં ચઢતું છે. અહિયાં હમેશાં આગબોટો ને વહાણો જથ્થાબંધ રહે છે, જે બધાં દુનિયાના દરેક ભાગોમાં આવ જાવ કરે છે. આ બારૂં જમીનથી ઘેરાયલું હોવાથી તોફાનમાં વટિક વહાણો સલામત રહે છે.

ગોદી—સાસુન ગોદી, કોલાબા તરફ છે. સરકારી ગોદી, કોટમાં છે. વિકટોરીયા ને પ્રિન્સેસ ગોદી, માંડવીમાં છે તથા પી. એન્ડ ઓ. કંપનીની ગોદી, મજગામમાં છે.

બંદરો—પાલવા, બેલાર્ડ ને મોદી બંદરો, કોટમાં છે. વિકટોરિયાને પ્રિન્સેસ બંદરો માંડવીમાં છે તથા મજગામ બંદર, મજગામમાં છે.

રેલ્વે અને સ્ટેશનો—ગ્રેટ ઇનંડિયન પેનિનસ્યુલર રેલ્વે અને બામ્બે બરોડા એન્ડ સેનટ્રલ ઇનડિયા રેલ્વે નામની રેલ્વેઓ છે. કે જેઓ જી. આઇ. પી ને બા. બી. એન્ડ. સી. આઇ. નાં ટુકાં નામોથી ઓલખાય છે. પહેલી રેલ્વેનાં સ્ટેશનોઃ બોરીબંદર અથવા વિકટોરિયા ટરમીનસ, મસજીદ બંદર, મજગામ, ભાયખલા, ચીચપુગલી, કરીરોડ, પરેલ, દાદર, માટુંગા ને સીવ છે. બીજીનાં સ્ટેશનોઃ કોલાબા, ચર્ચગેટ, મરીન લાઇન્સ, ચર્નીરોડ, ગ્રાન્ટરોડ, મહાલક્ષ્મી, લોઅર પરેલ એલફીનસ્ટન રોડ, દાદર, માંટુંગાને માહિમ છે. લોકોનો મોટો ભાગ મુંબઇની બહાર કે પરાંઓમાં વસતો હોવાથી આવજા માટે આ સ્ટેશનોપર લોકલ ટ્રેનો મોટી સંખ્યામ ફરે છે. તેથી દરેક રીતની સવડ મલે છે. વ્યાપારને પણ આ રેલ્વેઓ મોટી સવળતા કરી આપે છે.

વિભાગો—મુંબઇ બેટના સાત વિભાગો કરવામાં આવેલા છે. જે દરેક વૉર્ડને નામે ઓલખાય છે. આ વૉર્ડો નિચે મુજબના છે.

કોટ વૉર્ડ—એમાં કોલાબા, કોટ ને એસપ્લેનેડનો ભાગ છે.

માંડવી વૉર્ડ—એમાં ડુંગરી, માંડવી, ચકલો, ને ઉમર ખાડીના, ભાગો છે.

ભુલેશ્વર વૉર્ડ—એમાં મારકેટ, ધોબીતળાવ, ફનસ વાડી, ભુલેશ્વર કુંભારવાડા ને ખારાતલાવના ભાગો છે.

ગીરગામ વૉર્ડ—એમાં ખેતવાડી, ગીરગામ, ચોપાટી, વાલકેશ્વર, ને મહાલક્ષ્મીના ભાગો છે.

ભાયખલા વૉર્ડ—એમાં ભાયખલા, મજ[redacted]ડવાડી, કામાટીપુરા પહેલો અને બીજો નાગપાડા ને તારદેવના ભાગો છે.

પરેલ વૉર્ડ—એમાં પરેલ, સીવરી ને સીવના ભાગો છે.

માહીમ વૉર્ડ—એમાં વરલી ને માહીમના ભાગો છે.

હવા—સમુદ્રની વચ્ચે આ બેટ આવેલો હોવાથી અહિયાં ઘણી ગરમી કે ઠંડી પડતી નથી. આ શહેરની હવા સારી ગણાતી હતી પણ મરકીના રોગ પછી તે ઘણી સારી નથી.

વસ્તિ ને ભાષા—છેલ્લી ગણત્રિ મુજબ કુલ્લેવસ્તિ ૮, ૭૭, ૮૯૨ માણસની છે. મુખ્ય ભાષા અંગ્રેજી, ગુજરાતી, મરાઠી ને ઉર્દુ છે, પણ સરકારી કામકાજ અંગ્રેજીમાં ચાલે છે. આ ઉપરાંત બીજી ભાષાઓ પણ બોલાય છે કેમકે પરદેશથી વેપારીઓ મોટી સંખ્યામાં વેપાર માટે આ જગ્યાએ આવે છે.

પાણીનાં સાધન—મુંબઇ બેટને પાણી પુરૂં પાડવા માટે સાલસેટ ખાતે વિહાર, તુલસી, ને પવાઇ નામના ત્રણ મોટાં તળાવો બાંધેલાં છે તથા કોકણમાં મુંબઇથી સાઠ માઇલ દુર તાનસાનુ મોટું તળાવ છે. આ તળાવોમાંથી લોઢાના નળ મારફતે મીઠું પાણી શહેરમાં આણી લોકોને પુરૂં પાડવામાં આવે છે.

હુન્નર કેળવણી—મુંબઇમાં હજારો કારીગરો પોતાના ઉધ્યમ વડે પોતાનુ ગુજરાન કરે છે પણ મોટો ઉધ્યમ સુતર કાંતવાનો ને કાપડ વણવાનો છે. આ માટે સંખ્યાબંધ મીલો લાખો માંણસોને રોજી આપતી ચાલુ છે. કેળવણીમાં આ શહેર આગલ વધેલું છે. શહેરમાં ઘણાં સારા વિધ્યાલયો છે.

વ્યવસ્થા—મુંબઇ બંદરના સઘળો મ્યુનિસિપાલ વહિવટ પાંત્રીસ વર્ષથી મ્યુનિસિપાલ કોરપોરેશન નામની મંડળી ચલાવે છે. તેમાં ૭૨ સભાસદો છે. તેમની ચુંટણી દર ત્રણ વર્ષે થાય છે. ૩૬ સભાસદોની ચુંટણી મુંબઇની કર આપતી પ્રજા કરે છે. ૧૬ સભાસદોની સરકાર કરે છે તથા ૧૬ સભાસદો સુલેહના અમલદારો તરફથી ચુંટાય છે. બે સભાસદોની નેમણુંક મુંબઇની ચેમ્બર ઑફ કોમર્સ કરે છે. મ્યુનિસિપાલીટીનો વડો કમીશનર સરકાર તરફથી નિમાય છે.

જોવા લાયક ઇમારતો—કોલાબાની દીવાદાંડી, વેધશાળા, ગાંડાની ઇસ્પિતાલ, (મેડહાઉસ), યુનિવર્સિટી હૉલ, રાજાબાઇ ટાવર, હાઇ કોર્ટ, સેલર્સ હોમ, એલફીનસ્ટન કોલેજ, પોસ્ટ ઑફીસ, ટેલેગ્રાફ ઑફીસ, બી. બી. રેલ્વે ઑફીસ, ટાઉન હૉલ, ટંકશાલ, બોરી બંદર સ્ટેશન, મ્યુનિસિપલ ઑફીસ સર જમશેદજી જીજીભાઇ આર્ટ સ્કુલ, અનજુમને ઇસલામ સ્કુલ, ગોકલદાસ તેજપાલ ઇસ્પિતાલ, યુરોપિયન જનરલ ઇસ્પિતાલ, ક્રાફર્ડ મારકેટ, નેટીવ જનરલ લાયબ્રેરી, સર જમશેદજી જીજીભાઇ ઇસ્પિતાલ, વિકટોરિયા ગાર્ડન અને તેમાંનું આલ્બર્ટ મ્યુઝીઅમ, તાતા પેલેસ, તાજ મહાલ હૉટેલ, વિકટોરિયા અંધશાળા, પરેલનો અને વાલકેશ્વરનો સરકારી મેહલ, આ ઉપરાંત બીજી ઘણી ભવ્ય ઇમારતો છે. મરહુમ મહારાણી, નામદાર શાહેનશાહ, માજી ગવર્નરો તથા મુંબઇના લોકપ્રિય શહેરીઓનાં પુતળાં જોવા લાયક છે.

મુંબઈ ઈલાકો.

હકીકત--હિંદુસ્તાનના બધા ઇલાકાઓ કરતાં મુંબઇ ઇલાકો જો કે નાનો છે, છતાં તેની મહત્વતા ઘણી છે. દરેક જાતની ઉપજ આ ઇલાકાની મોટી છે. કેળવણી તેમજ વેપાર અને સુધારામાં આ ઇલાકો કુદકે અને ભુસ્કે આગલ વધી ગયો છે હુન્નર આદિ કામોમાં પણ તે બધા પર સરસાઇ ભોગવે છે. આ ઇલાકાનું આગલા વખતનું કોતર કામ બીજા કોઇ પણ ઇલાકા કરતાં ચઢીઆતું છે.

સિંમા—ઉત્તરે બલુચિસ્તાન અને પંજાબ પ્રાંત; પૂર્વે રજપૂતસ્થાન, મધ્યપ્રાંત, નીઝામનું રાજયને મદ્રાસ ઇલાકો; દક્ષિણે મહિસૂરનું રાજય અને મદ્રાસ ઇલાકો; પશ્ચિમે અરબી સમુદ્ર.

વિસ્તાર—મુંબઈ ઇલાકો લાંબો અને સાંકડો ભાગ છે. સરાસરી લંબાઇ એક હઝાર માઇલની છે અને પહોળાઇ ફકત ૧૯૦ માઇલ જેટલી છે. એનું ક્ષેત્રફળ ૧,૯૪,૧૦૯ ચો૦ માઇલ છે.

રાજકિયવિભાગો—મુંબઈ ઇલાકાના મુખ્ય પાંચ ભાગો કરવામાં આવેલા છે. ૧ સિંધપ્રાન્ત, ૨ કચ્છ પ્રાન્ત અને ગુજરાત પ્રાન્ત, કાઠિયાવાડ સાથે, ૩ કોકણ પ્રાન્ત, મુંબઈ બેટ સાથે, ૪ દક્ષિણ પ્રાન્ત (ઉત્તર મહારાષ્ટ્ર), ૫ દક્ષિણ મહારાષ્ટ્ર, ઉ-તર કાનડા સાથે.

બેટો—મુંબઈ બેટ

દ્વારકાં—કાઠિયાવાડની પશ્ચિમે.

ધારાપુરી—મુંબઇની પાસે.

સાષ્ટી ને દીવ—કાઠિયાવાડની દક્ષિણે.

દ્વીપકલ્પો—કાઠિયાવાડ દ્વીપકલ્પ—ગુજરાતમાં.

અખાતો—કચ્છનો અખાત—કચ્છની દક્ષિણે

ખંભાતનો અખાત—કાઠિયાવાડની પૂર્વે.

ભૂશિરો—જગત પોઈન્ટ—દ્વારકાં પાસે.

દીવ—કાઠિયાવાડની દક્ષિણે.

પર્વતો—હાલા—સિંધપ્રાન્તની પશ્ચિમે.

સિહ્યાદ્રી—દક્ષિણ મહારાષ્ટ્ર અને કોકણની વચ્ચે.

સાતપૂડા—ઈંદોર અને ખાનદેશના ભાગની વચ્ચે.

ગીરનાર આબુ,
પાવાગઢ ને આરાસુર } ગુજરાતમાં.

નદીઓ—ઉત્તરથી દક્ષિણ તરફ વહેતી:

સિંધુ—હિમાલય પર્વતમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે.

બનાસ, સરસ્વતી } આબુ આગળના પહાડમાંથી નીકળી કચ્છનાં રણમાં પડે છે.

સાબરમતી, મહી } ખંભાતના અખાતને મળે છે. સાબરમતી મહી કાંઠાના પર્વતમાંથી તથા મહી માળવાના પહાડમાંથી નીકળે છે.

પુર્વથી પશ્ચિમ તરફ વહેતી:

નર્મદા, તાપી } સાતપૂડા પર્વતમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે.

પશ્ચિમથી પુર્વ તરફ વહેતી:

ગોદાવરી કૃષ્ણા } સિહ્યાદ્રી પર્વમાં થતી નીકળી બંગાળના ઉપસાગરને મળે છે.

ભીમા—ગોદાવરી નદીને મળે છે.

સરોવરો—મંચર-સીંધમાં; તથા તાનસા-મુંબઈ આગળ.

હવા—સિહ્યાદ્રી પર્વત તરફ વરસાદ વધુ પડે છે જેથી ત્યાંની હવા સારી ઠંડક આપનારી છે. સિંધનો ઉપલો ભાગ ગરમ અને સુકકો છે. કોકણ કાંઠે હવા ભેજવાળી છે. છેક દક્ષિણ તરફના કેટલાક ભાગોની હવા રોગિષ્ટ છે. સામાન્ય રીતે આ ઇલાકાની હવા ઠીક **છે.**

પેદાશ--અનાજ અને રૂ મુખ્ય પાક છે. નાળિયેરીના ઝાડો પશ્ચિમ કિનારા તરફ ઘણાં થાય છે. ઘાટોમાં જંગલો છે, જ્યાંથી ઇમારતી લાકડાં મળે છે. અનાજમાં જુવાર, બાજરી, ચોખા અને ઘઉં **મુખ્ય** છે. ખાનદેશમાં ઢોરોની સારી પેદાશ છે.

વેપાર--મુંબઈ ઈલાકાનો વેપાર બહુ મોટો છે. લગભગ ૫૦ કરોડ રૂપિયાનો માલ આ ઇલાકામાં આવે છે, અને પંચાવન કરોડ રૂપિયા સુધીનો માલ દેશાવર તરફ આ ઇલાકામાંથી જાય છે. **નિકાશ**માં મુખ્ય, રૂ, અફીણ, તેલી બિયાં, ઘઉં, સુતરાઉ કાપડ અને ઉન છે; જ્યારે **આયાત**માં મુખ્ય, સુતરાઉ કાપડ, ધાતુ, સાંચાકામ, કોલસો, અને દારૂ છે.

વસ્તિ--કુલ્લે વસ્તિ ૨,૬૯,૧૬,૩૪૨ છે. જેમાંના ૮૦ લાખ ઉપરની સંખ્યા દેશી રાજ્યોની છે.

ભાષા—સિંધમાં સિંધી, કચ્છમાં કચ્છી, ગુજરાતમાં ગુજરાતી, દક્ષિણ તરફ કેનરીઝ અને મુંબઇની ફરતે મરાઠી ભાષા બોલાય છે. જે તે ભાગોનાં નામો પ્રમાણે જે તે નામો લોકોને આપ- વામાં આવેલાં છે.

ધર્મો—મુખ્ય ધર્મ હિંદુ ધર્મ છે. પાંચમો ભાગ મુસલમાનોનો છે. તેમજ જરથોસ્તી અને જૈન ધર્મો પણ ઠીક ફેલાવો પામેલા છે. ખ્રિસ્તી ધર્મ હાલમાં પ્રસરતો જાય છે.

રાજ્ય વહીવટ—આખા ઇલાકાનો રાજકારભાર ગવર્નર સાહેબની દેખરેખ નીચે ચાલે છે. તેમની નીમણુંક ઇગ્લાંડથી નામદાર શેહેનશાહના હુકમથી થાય છે, અને તે પાંચ વરસ સુધી ચાલે છે. ગવર્નર સાહેબ ઘણું ખરૂં શિયાળામાં મુંબઇમાં રહે છે, ઉનાળામાં તેઓ સાહેબનો મુકામ મહાબળેશ્વરના ડુંગરપર હોય છે. ચોમાસામાં તેઓ પુને રહેવા જાય છે. એમને રાજકારભારમાં મદદ કરવા બે કારભારી મંડળ છે. તેમાનું એક, ઇલાકાનો કારભાર ચલાવનારૂં અને બીજું, કાયદાકાનુન બાંધનારૂં છે. કારભાર ચલાવનાર મંડળમાં ગવર્નર સાહેબ સાથે ત્રણ કારભારીઓ છે. એ મંડળ મુંબઇ સરકારના નામથી ઓળખાય છે. તેમના હાથ નીચે જુદાં જુદાં ખાતાનું કામ કરનાર પાંચ મંત્રીઓ છે. અને તે દરેક પાસ એક અથવા વધારે ખાતાનું કામ છે. હિંદને મળેલા નવાં રાજકિય મંડળમાં આ ત્રણ કારભારીઓ ઉપરાંત એક ચોથાની નીમણુંક કરવામાં આવી છે. આ ચોથી નીમણુંક દેશી ગૃહસ્થો માટે છે. દેશી સંસ્થાનો અને એજન્સિઓમાં અંગ્રેજ સરકાર તરફથી અંગ્રેજ અમલદાર રહે છે, તેને પોલીટીકલ એજંટ કહે છે, અને તે ગવર્નરને જવાબદાર છે. આ અમલદારોનું કામ દેશી રાજાઓ તથા તેમના કારભારીઓને રાજ્ય ચલાવવામાં સારી સલાહ આપવાનું, ખંડણી ઉઘરાવવાનું, તથા રાજા રજવાડાઓના વાંધા પતાવવાનું વગેરે છે. ઇલાકાના ચારે ભાગમાં મુલકી કામ કરનાર એક એક મોટો અમલદાર છે, તેને કમીશનર

કહે છે. તેમના હાથ નીચે જીલ્લાઓમાં કલેક્ટર, આસિસ્ટંટ કલેક્ટર વગેરે છે. તાલુકાઓમાં મામલતદારો છે. ન્યાય ખાતાંનો વહિવટ મુંબઈની મોટી અદાલતના ન્યાયાધીશો ચલાવે છે. એ સિવાય પોલીસ ખાતું, કેળવણીખાતું, જંગલખાતું, ખેતીવાડી ખાતું વગેરે બીજા કેટલાંક ખાતાં છે. દરેક ખાતાંને માથે એકેકો મુખ્ય અધિકારી છે. તે બધા સરકારના તાબામાં રહી પોત પોતાનું કામ સંભાલે છે.

નદીપરના શેહેરો--

સિંધુ	ઉપર	કરાંચી ને હૈદ્રાબાદ.
બનાસ	,,	રાધનપુર ને ડીસા.
સરસ્વતી	,,	સિદ્ધપુર.
સાબરમતી	,,	અમદાવાદને સાદ્રા.
મહી	,,	ખંભાતને લુણાવાડા.
નર્મદા	,,	ભરૂચ.
તાપી	,,	સુરતને રાંદેર.
ગોદાવરી	,,	નાશીક.

મુખ્ય બંદરો—કરાંચી, માંડવી, દ્વારકાં, પોરબંદર ભાવનગર, ખંભાત, ભરૂચ, સુરત, મુંબઇ, રત્નાગીરી, ગોવા ને કારવાડ.

જાત્રાનાં સ્થળો—દ્વારકાં, ગીરનાર, આબુ, અંબાજી, શેત્રુંજા, બહુચરાજી, પાવાગઢ. સિદ્ધપુર, ડાકોર, ચાણોદ, નાશીક, ત્રંબક ને પંઢરપુર

હવા ખાવાના ઠેકાણાં—આબુ, ડુમસ, ખંડાલા, માથેરાન, ને મહાબલેશ્વર.

મરેઠી દેશી રાજ્યો—વડોદરા, કોલાપુર ને સાવંતવાડી.

રજપુત દેશી રાજ્યો—કચ્છ, ઇડર, ભાવનગર, નવાનગર, ધાંગધ્રા, મોરબી, રાજપીપલા, વાંકાનેર, પાલીતાણા, ધરોલ, લીંબડી, રાજકોટ, ગોંડલ, વઢવાણ, પોરબંદર, છોટાઉદેપુર, બારીઆ, લુણાવાડા, ધરમપુરને વાંસદા.

મુસલમાન દેશી રાજ્યો—ખેરપુર, જુનાગઢ, ખંભાત, પાલણપુર, રાધનપુર ને સચીન.

પોર્ટુગીઝોની જગ્યા—દીવ, દમણ ને ગોવા.

હબસીઓની જગ્યા—જાફરાબાદ ને જંજીરા.

વખણાતી જગ્યાઓ:—

મુંબઈ—હિંદુસ્તાનનું સૌથી સુંદર અને રળિયામણું શેહેર, તેમજ મોટું બંદર.

કરાંચી—મુંબઇથી ઉતરતું મોટું વેપારી બંદર.

હૈદ્રાબાદ—શેત્રંજી અને માટીના વાસણ માટે.

ભુજ—સુતરાઉ અને રેશમી કાપડના કારખાનાં.

દ્વારકાં—જાત્રાનું સ્થળ.

અમદાવાદ—રેશમી કોરનાં ધોતીઆં તથા રૂનાં કારખાનાં અને વેપાર માટે.

સુરત—મોટું પુરાતન પ્રખ્યાત શેહેર અને બંદર છે, તેમજ બરફી અને પાપડી માટે પ્રખ્યાત છે.

ખંભાત—સુતરફેણી માટે.

કપડવંજ—કાચ ને સાબુ માટે.

પેંઠ—પાઘડી માટે.

ખારાઘોડા—નીમકનું મોટું મથક છે.

નંદરબાર—ઇમારતી લાકડું સારૂ થાય છે.

નાશીક—જાત્રાનું સ્થલ છે, તથા લોટા વખણાય છે.

પુણા -મુંબઇ ઇલાકાના ગર્વનરનું મથક: આગલા વખતમાં પ્રખ્યાત શેહેર હતું, પાનને માટે.

નાંદોદ—ઇમારતી લાકડું ઠીક છે.

જત—સુરોખાર જડે છે.

∵ બીજાં વિખ્યાત શહેરોની હકીકત જે તે પ્રાંતોમાં આવશે.

મુખ્ય રસ્તા—મુંબઇથી અમદાવાદ જતાં નીચલાં મોટાં સ્ટેશનો માહીમ, વસઇ, પાલગઢ, દેહણું, દમણ, વલસાડ, નવસારી, સુરત, અંકલેશ્વર, ભરૂચ. વડોદરા, આણંદ, નડીયાદ, ને અમદાવાદ આવે છે.

નીચલી મોટી નદીઓ આવે છે: વસઈની ખાડી, દમણગંગા, પુર્ણા, તાપી, નર્મદા, મહી ને સાબરમતી.

કરાંચીથી મુંબઇ રેલવે માર્ગે જવાય છે અને જળ માર્ગે પણ જવાય છે.

જળ માર્ગે આવતાં કરાંચીથી નીકળી સિંધુ નદીમાં રહી માંડવી બંદર અવાય છે. ત્યાંથી દ્વારકાં આગળ રહી, પોરબંબંદર. વેરાવળ, દીવ, જાફરાબાદ, ભાવનગર વગેરે બંદરો કરી, અરબી સમુદ્રમાં આવી, દમણ, માહીમ, વસઇ, સાષ્ટ રહી. મુંબઇ અવાય છે.

રાજકિય વિભાગો

૧ સિંધ પ્રાન્ત.

જીલ્લા.	મુખ્ય શેહેરો.
૧. સિંધનો ઉપલો સરહદનો ભાગ	જેકોકાબાદ.
૨. શિકારપુર જીલ્લો	શિકારપુર.
૩. હૈદ્રાબાદ ,,	હૈદ્રાબાદ.
૪. કરાંચી ,,	કરાંચી.
૫. થરપારકર ,,	અમરકોટ.

સંસ્થાન.

૧ ખેરપુર સંસ્થાન	ખેરપુર.

૨ કચ્છ પ્રાન્ત.

૧. કચ્છપ્રાન્ત	ભુજ.

૨ ગુજરાત પ્રાન્ત

૧. અમદાવાદ જીલ્લો	અમદાવાદ.
૨. ખેડા ,,	ખેડા.
૩. પંચમહાલ ,,	ગોધરા.
૪. ભરૂચ ,,	ભરૂચ.
૫. સુરત ,,	સુરત.

દેશી રાજ્યો.

૧. વડોદરા રાજ્ય	વડોદરા.
૨. ખંભાત સંસ્થાન	ખંભાત.

એજન્સી.

૧. કાઠિયાવાડ એજન્સી	રાજકોટ

અજેન્સી.	મુખ્ય શેહેરો.
૨. પાલણપુર એજન્સી	પાલણપુર.
૩. મહીકાંઠા ,,	સાદ્રા.
૫ પંચમહાલ ,,	નારૂકોટ.
૬ સુરત ,,	વાંસદા.

૩ કોકણ પ્રાન્ત.

૧ મુંબઇ બેટ	મુંબઇ.
૨ થાણા જીલ્લો	થાણા.
૩ કોલાબા ,,	અલીબાગ.
૪ રત્નાગીરી ,,	રત્નાગીરી.

સંસ્થાનો.

૧ જવાર સંસ્થાન	જવાર.
૨ જંજીરા સંસ્થાન	જંજીરા.
૩ સાવંતવાડી ,,	સાવંતવાડી.

૪ દક્ષિણ પ્રાન્ત.

૧ ખાનદેશ જીલ્લો	ધુળીઆ.
૨ નાશીક જીલ્લો	નાશીક.
૩ અહમદનગર ,,	અહમદનગર.
૪ પુણા ,,	પુણા.
૫ સતારા ,,	સતારા.
૬ સોલાપુર ,,	સોલાપુર.

સંસ્થાનો.

૧ પેંઠ સંસ્થાન	પેંઠ.
૨ અકલકોટ ,,	અકલકોટ.

૫ દક્ષિણ મહારાષ્ટ્ર

૧ કલાદગી જીલ્લો	કલાદગી.
૨ બેલગામ ,,	બેલગામ.
૩ ધારવાડ ,,	ધારવાડ.
૪ ઉત્તર કાનડા ,,	કારવાર.

સંસ્થાનો.

૧ કોલાપુર સંસ્થાન	કોલાપુર.
૨ સાવનુર	સાવનુર
૩ દક્ષિણ મરાઠા જાગીર	સાંગલી, જમખંડી, મીરજ વગેરે.

સિંધ પ્રાંત.

હકીકત—આ પ્રાંતનું નામ ત્યાં વહેતી સિંધુ નદી પરથી પડેલું છે, હયાં ગધેડાંપર બેસી કામ ધંધો કરવાનો ચાલ વિશેષ છે, જમીન રસાલ છે તથા ખેતરોમાં પાણી લેવાને નહેરો છે કેમકે વરસાદ ઝાઝો પડતો નથી પૂર્વ ભાગમાં થરપારકરનું રણ છે, તથા દક્ષિણ ભાગ ખારવાલો છે એનું ક્ષેત્રફલ ૪૭, ૭૮૯ ચો. માઇલ છે.

સીમા—ઉત્તરે બલુચિસ્તાન, પૂર્વે રજપૂતસ્તાન, દક્ષિણે કચ્છ પ્રાંત અને પશ્ચિમે અરબી સમુદ્ર.

નદી—સિંધુ, ખેતીના પાકને માટે આ નદીમાંથી નેહરો કાઢેલી છે.

સરોવર—મંચર.

પેદાશ—ખેતી સારી છે. મુખ્ય પેદાશ: ડાંગર, જુવાર, બાજરી, ઘઉં, મગ, જવ, રૂ અને તેલનાં બિયાં છે. આ પ્રાંતમાં હાથીદાંતના રમકડાં, માટીનાં વાસણ, શેત્રંજી, ચામડાંની વસ્તુઓ વગેરે ઠીક થાય છે.

વિસ્તાર ને ભાષા—કુલ વસ્તિ ૨૨,૧૫,૧૪૭ ની છે. પોણો ભાગ મુસલમાનો છે. બાકીના હિંદુઓ તથા જુદી જુદી કોમના છે. મુખ્ય ભાષા, સિંધી અને બલુચી છે.

રાજ્ય વહીવટ—આ ભાગ કમીશનરના તાબા હેઠળ છે. તેના તાબામાં કલેકટરો તથા ડેપ્યુટી કલેકટરો, સેશન્સ કોર્ટ પણ છે. ન્યાયની, મુંબઈની વરિષ્ટ કોરટને અપીલ થાય છે.

વિભાગો--એના પાંચ જીલ્લા છે અને સાથે ખૈરપુર નામનું દેશી સંસ્થાન છે.

શેહેરો—૧ **સિંધના ઉપલા સરહદના ભાગ,** મુખ્ય શેહેર જૈકોકાબાદ છે.

૨ **શિકારપુર જીલ્લાનું** મુખ્ય શેહેર શિકારપુર, એમાં વેપાર મોટો છે અને એ શેહેરને આગલ "ખોરાસાનની ભાગોલ" કહેતા હતા. બીજા શેહેરો સક્કર, એ બોલનઘાટ આગળ વેપારનું મોટું મથક છે અને લારખાના.

૩ **હૈદ્રાબાદ જીલ્લો,** એનું મુખ્ય શેહેર હૈદ્રાબાદ છે. અહિંની શેત્રંજી, રેશમી તથા સુતરાઉ કાપડ, માટીનાં વાસણ, વગેરે વખણાય છે.

૪ **કરાંચી જીલ્લો,** મુખ્ય શેહેર કરાંચી એ મુંબઈથી ઉતરતું મોટું બંદર છે, અને સિંધમાં મોટું શહેર છે. ઠઠ્ઠા, સિંધની અસલની રાજધાની.

૫ **થરપારકર જીલ્લો** મુખ્ય શેહેર અમરકોટ છે. અહિં પ્રખ્યાત મોગલરાજા અકબરનો જન્મ થયો હતો.

૬ **ખૈરપુર સંસ્થાનનું** મુખ્ય શેહેર ખૈરપુર છે.

કચ્છ પ્રાંત.

હકીકત—જો કે આ ભાગનો સમાવેશ ગુજરાત પ્રાંતમાં કરેલો છે, પણ સિંધ અને ગુજરાત પ્રાંતોથી એ તદ્દન જૂદો હોવાથી એને જુદો પાડ્યો છે. આ પ્રાંતના લોકો કચ્છીના નામે ઓળખાય છે આ ભાગ દેશી રાજાનો છે અને રાજાને

રાવનાં નામથી ઓળખવામાં આવે છે. અંગ્રેજ સરકાર તરફથી પોલીટીકલ એજંટ કામ કરે છે. એમાં કચ્છનું રેતીનું રણુ છે જે ચોમાસામાં ભરાઇ જાય છે, આ પ્રાંતમાં મોટી નદીઓ નથી પણ કેટલાક વહેળા છે. દક્ષિણુ ભાગ સપાટ અને રસાલ છે. બાકી ડુંગરા અને પથ્થરવાલી જમીન છે.

સીમા—ઉત્તરે અને પૂર્વ રેતીનું રણુ દક્ષિણે કચ્છનો અખાત અને અરબી સમુદ્ર. અને પશ્ચિમે અરબી સમુદ્ર.

વિસ્તાર—આ પ્રાંતનું ક્ષેત્રફળ રણુ બાદ કરતાં ૬૫૮ ચો૦ માઇલ છે. કુલ્લે ૯૨૮ ગામો છે. ને વસ્તિ ૫,૫૮,૪૧૪ માણુસની છે.

અખાત—કચ્છનો અખાત.

રણુ—કચ્છનું રણુ.

પેદાશ—બાજરી, જુવાર, મગ, ઘઉં, ઉન, દીવેલી મુખ્ય છે. ભુજમાં સુતરાઉ તથા રેશમી કાપડનાં કારખાનાં છે. ફટકડી તથા સુરોખાર થોડો મલી આવે છે. કોલસાની ખાણો છે. ઘોડા, ગાય, ઉંટ, ઘી, તેલ, મુખ્ય પરદેશમાં જાય છે.

શહેરો—ભુજ, મુખ્ય શહેર છે. કસબી અને હીરનું ભરતકામ તેમજ સોના રૂપાની નકસી સારી થાય છે. ઇમારતોમાં રાવશ્રીનો મહેલ જોવા લાયક છે. માંડવી, વેપારનું મોટું બંદર; અંજાર, લખપત વગેરે બીજાં બંદરો છે.

ગુજરાત પ્રાંત.

હકીકત--આ પ્રાંતની ઘણી ખરી જમીન રસાલ અને ફળદ્રુપ છે. કાઠિયાડના નાના ભાગમાં ઘણા ડુંગરો તેમજ નાના નાના દેશી રાજ્યો છે. કાઠિયાવાડ સિવાયનો મોટો ભાગ અંગ્રેજ સરકાર અને બાકીનો ગાયકવાડ સરકારને તાબે છે. આ પ્રાંતના રહીશોને ગુજરાતી કહે છે અને તેમની ભાષા પણ એજ નામની છે.

સીમા—ઉત્તરે કચ્છનું રણ, પૂર્વે માલવા ને ખાનદેશ, દક્ષિણે થાણા જીલ્લો અને પશ્ચિમે અરબી સમુદ્ર.

વિસ્તાર—આ પ્રાંતનું ક્ષેત્રફળ લગભગ પંચાવન હજાર ચો॰ માઈલ છે. વસ્તિ ૧,૦૨,૧૨,૩૭૦ છે.

બેટ—દીવ, કાઠિયાવાડની દક્ષિણે.

અખાતો—ખંભાત અને કચ્છના અખાતો મુખ્ય છે.

પર્વતો—સાતપૂડા, પાવાગઢ, ગિરનાર, આરાસુર, ને આબુ.

નદીઓ--નર્મદા, મહી, સાબરમતી, તાપી ને સરસ્વતી મુખ્ય છે.

પેદાશ—ગુજરાતની ખેતી આબાદ છે. દરેક જાતનું ધાન્ય તથા કઠોળ પુષ્કળ થાય છે. શેરડી, તંબાકુ, રૂ, ગળી, અફીણ, અને ઇમારતી લાકડું મોટા જથ્થામાં થાય છે.

રેલ્વે સડકો—આ પ્રાંતમાં બી. બી. સી. આઇ. રેલ્વે ઉપરાંત રજપુતાના માળવા રેલ્વે છે તથા દેશી રાજ્યોમાં નાની નાની રેલ્વેઓ છે, કે જેમાં ડભોઈ, ભાવનગર અને ગોંડલ રેલ્વે મુખ્ય છે.

દેશી હીંદુ રાજ્યો—કાઠિયાવાડ એજન્સી એમાં નીચલાં દેશી રાજ્યો છે: નવાનગર, ભાવનગર, ધાંગદ્રા, મોરબી, વાંકાનેર, પાલીતાણા, ધ્રોલ, લીંબડી, રાજકોટ, ગોંડલ, વઢવાણ, પોરબંદર, વળા, લખતર, જસદણ, સામલા, ચુડા, મુળા, લાટી વગેરે હિંદુઓના રાજ્યો છે. મહીકાંઠા એજન્સીમાં ગાયકવાડનો થોડો મુલક છે, અને પંચમહાલ એજન્સી સુરત એજન્સી. છેલ્લી ત્રણ એજન્સીઓમાં નાનાં નાનાં રાજ્યો છે.

દેશી મુસલમાની રાજ્યો—જુનાગઢ, પાલણપુર સંસ્થાન, ખંભાત સંસ્થાન, બજાણા, એ બધાં કાઠિયાવાડ એજન્સીમાં છે અને સચીન, સુરત એજન્સીમાં છે.

દેશી હબસીનું રાજ્ય—જાફરાબાદ, કાઠિયાવાડ એજન્સીમાં છે.

ફિરંગીના સ્થળો—દીવ અને દમણ.

બંદરો—દ્વારકાં, પોરબંદર, દીવ, ભાવનગર, ઘોઘા, ખંભાત, ભરૂચ, સુરત ને દમણ.

જાત્રાના સ્થળો—આબુ, અંબાજી, પાવાગઢ, ગીરનાર, દ્વારકાં, પ્રભાસપાટણ, ડાકોર, પાલીતાણા વગેરે.

વિભાગો તથા શેહેરો.

૧ અમદાવાદ જીલ્લો—ગુજરાત પ્રાંતના ઉત્તર ભાગમાં છે. વસ્તિ ૯,૨૧,૭૧૨ માણસની છે. એના સાત મોટા તથા બે પેટા તાલુકા છે. ૨, ગલી, તંબાકુ, દીવેલી, ડાંગર, ચણા અને શેરડીની મુખ્ય પેદાશ છે. મુખ્ય શેહેર, અમદાવાદ, જોવા લાયક જગ્યાઓ ઘણી છે

તથા રેશમ, સુતર, અને કસબના મોટાં કારખાનાઓ છે; તેમજ મોટો વેપાર ચાલે છે. વીરમગામ, સુતર કાંતવાનો તથા વણવાનો હુનર સારો છે, તથા અહિંના પંખા અને સુજની સારાં બને છે તેમજ બે મોટાં તળાવો છે. ધોલેરા, બંદર છે; અહીં જકાત ખાતું છે.

૨ **ખેડા જીલ્લો**—અમદાવાદ જીલ્લાની પૂર્વે છે. વસ્તિ ૭,૭૧,૫૮૯ ની છે. એના સાત મોટા તથા ત્રણ પેટા તાલુકા છે. બાજરી, જુવાર, ડાંગર, શેરડી અને તંબાકુની મુખ્ય પેદાશ છે. મુખ્ય શેહેર ખેડા. નડયાદ, હયાં બાગાયત પાક સારો છે. કપડવંજ, સાબુ અને કાચનાં કારખાના છે. ડાકોર, રણછોડજીની જાત્રાનું સ્થળ છે. આણંદ, મોટું સ્ટેશન છે. મહેમદાવાદ, સારી વસ્તિવાળું છે.

૩ **પંચમહાલ જીલ્લો**—એ ખેડા જીલ્લાની પૂર્વે છે. વસ્તિ ૩,૧૩,૪૧૭ ની છે. એના ત્રણ તાલુકા છે. મકાઈ, ચણા, તલ, મહુડાં, અને સાગ તથા ઇમારતી લાકડાંની સારી પેદાશ છે. મુખ્ય શેહેર, ગોધરા. બીજું મોટું શેહેર, દાહોદ છે.

૪ **ભરૂચ જીલ્લો**—એ ખેડા જીલ્લાની દક્ષિણે છે વસ્તિ ૩,૪૧,૪૯૦ ની છે. એના પાંચ તાલુકા છે. ખેતીવાડી સારી છે તથા રૂની મોટી પેદાશ છે. મુખ્ય શેહેર ભરૂચ, એ વેપારનું મોટું મથક છે; ઘણાં કારખાનાંઓ છે તથા અહિંની સુજની વખણાય છે. અંકલેશ્વર અને હાંસોટ, મોટાં ગામો છે.

૫ **સુરત જીલ્લો**—એ ભરૂચ જીલ્લાની દક્ષિણે છે. વસ્તિ ૬, ૪૯,૯૮૯ ની છે. એના આઠ તાલુકા કર્યા છે. રૂ, જુવાર, ઘઉં, દીવેલી, અને શેરડીની મુખ્ય પેદાશ છે. મુખ્ય શેહેર, સુરત, આગળ મોટું વેપારનું મથક તથા ધીકતું બંદર હતું, આગ તથા રેલથી એ શહેરની કિર્તી ઝાંખી થઈ છે; હાલમાં વેપાર ઠીક છે; સારૂં જોવાલાયક શહેર છે. રાંદેર, વલસાડ અને ઉદવાડા મોટાં ગામો છે. વલસાડ, હાલ ધીકતું બંદર છે તથા ઉદવાડામાં પારસીઓના ઇરાનશાહ (આતશબેહરામ) છે.

૬ **ગાયકવાડનું રાજ્ય**—આ રાજ્યના ભાગો ગુજરાત પ્રાંતમાં ઘણા વીખરાતા પડેલા છે. અહિંના રાજાને ગાયકવાડ કહે છે. મુંબઇ ઈલાકામાં એ સૌથી મોટું દેશી રાજ્ય છે. અહિંયાં અંગ્રેજ સરકાર તરફથી રેસીડેન્ટ રહે છે. તે ગવર્નર જનરલને તાબે છે. વડોદરા, કડી, નવસારી અને અમરેલી નામના ચાર મોટા પ્રાંતો છે. એનું ક્ષેત્રફળ ૮૨૨૬ ચો૦ માઇલ છે. વસ્તિ ૨૪,૧૧,૪૪૭ ની છે. મુખ્ય શેહેર વડોદરા, જોવાલાયક શેહેર છે; તથા સુંદર ઇમારતો છે. નવસારી. પાટણ અને અમરેલી, સારાં શેહેરો છે તથા સિદ્ધપુર, કડી, દ્વારિકાં, ડભોઇ, પેટલાદ, ગણદેવી અને બીલીમોરા મોટાં ગામો છે.

૭ **ખંભાત સંસ્થાન**—એ ખેડા જીલ્લાની દક્ષિણે છે. અહિંના રાજા મુસલમાન છે અને તેમને નવાબને નામે ઓળખે છે. ખેડા જીલ્લાના કલેકટર આ સંસ્થાનના પોલીટીકલ

એજન્ટ છે. વસ્તિ ૮૯,૭૨૨ નીં છે. મુખ્ય શેહેર ખંભાત, સુતરાઉ કાપડ તથા શેત્રંજી સારી થાય છે. અહિંના અકીક નામના પથરા વખણાય છે.

૮ **કાઠિયાવાડ એજન્સી**--કચ્છ અને ખંભાતના અખાતની વચ્ચે આ એક મોટો દ્વિપકલ્પ છે. **એમાં** ૮ જુદાં જુદાં નાનાં મોટાં રાજ્યો છે **આ** રાજ્યો હિંદુઓ અને મુસલમાનોના છે. આ રાજ્યોપર દેખરેખ રાખવા અંગ્રેજ સરકાર તરફથી પોલીટીકલ એજન્ટ રાજકોટ ખાતે રહે છે. એજન્સીના ચાર ભાગો કરી, દરેક ભાગ આસિસ્ટંટ પોલીટીકલ એજન્ટની દેખરેખ હેઠળ મુકેલો છે. રૂ, ઉન, ઘી, ગોળ, ઘોડા, ઢોર, વગેરેની મુખ્ય પેદાશ છે. મુખ્ય શેહેર રાજકોટ, અહિંયાં બે ટ્રેનિંગ કોલેજો અને એક રાજકુમાર કોલેજ છે. બીજાં શેહેરો, ભાવનગર, પોરબંદર, ઘોઘા. આ બધાં મોટાં બંદરો છે. વઢવાણ, ગોંડલ, જુનાગઢ, સારાં શેહેરો છે. પ્રભાસપાટણ તથા પાલીતાણા જાત્રાના તિર્થો છે.

૯ **પાલનપુર એજન્સી**—એ ગુજરાત પ્રાંતની છેક ઉત્તરે છે. વસ્તિ ૬,૪૫,૫૨૬ ની છે. એમાં અગ્યાર સંસ્થાનો છે. રૂ, શેરડી, ને ડાંગરની મુખ્ય પેદાશ છે. મુખ્ય શેહેર, પાલનપુર, અહિંયાં ડાંગર અને શેરડી સારાં થાય છે. બીજાં શેહેરો, દિસા અને રાધનપુર, દિસામાં લશ્કરી છાવણી હતી તે હાલ કાઢી નાંખી છે. રાધનપુરમાં રૂ સારો થાય છે.

૧૦ **મહીકાંઠા એજન્સી**—એ ગુજરાત પ્રાંતની ઇશાન કોણે છે. વસ્તિ ૫,૮૧,૫૬૮ની છે. એના ૫૯ ભાગ છે. નાના મોટા

રાજા અને ઠાકોરો મલી ૪૮ છે. મુખ્ય શેહેર સાદ્રા, ઈડર અને દાંતા, બીજાં શેહેરો છે.

૧૧ રેવાકાંઠા એજન્સી—એ ગુજરાત પ્રાંતની પૂર્વે છે. વસ્તિ ૭,૩૩,૫૦૬ ની છે. એમાં ૭ મોટાં અને ચાર નાના સંસ્થાનો છે. પંચ મહાલનો કલેકટર આ એજન્સીનો પોલીટીકલ એજન્ટ છે. મુખ્યશેહેર નાંદોદ, આ ઠેકાણે ઈમારતી લાકડાંનો મોટો વેપાર છે. બારીઆ અને લુણાવાડા સારાં શહેરો છે.

૧૨ પંચમહાલ એજન્સી—એ પંચમહાલ જીલ્લાની દક્ષિણે છે અને એ જીલ્લાના કલેકટરના તાબામાં છે. મુખ્ય શેહેર નારૂકોટ છે.

૧૩ સુરત એજન્સી—સુરત જીલ્લામાં સચીન, વાંસદા, અને ધરમપોરના રાજ્યો મળી આ એજન્સી થયલી છે. સુરતના કલેકટર, પોલીટીકલ એજન્ટ છે. અનાજ તથા ઇમારતી લાકડાંની સારી પેદાશ છે. મોટાં ગામો સચીન, વાંસદા અને ધરમપોર.

કોકણ પ્રાંત.

હકીકત—એ પ્રાંતમાં મુંબઇ બેટનો સમાવેશ છે. એ ભાગ અરબી સમુદ્રને કાંઠે આવેલો છે તથા ગોઆ સુધી છે. એમાં ઘણી નાની નાની નદીઓ છે. અહિંના લોકોને કોકણી કહે છે અને તેમની ભાષા મરાઠી છે. આ પ્રાન્ત ઘણો ખડબચડો છે તથા એની હવા ભેજવાલી છે.

સીમા—ઉત્તરે ગુજરાત પ્રાંત, પૂર્વે સિહ્યાદ્રી પર્વત, દક્ષિણે ગોઆ સંસ્થાન અને પશ્ચિમે અરબી સમુદ્ર.

વિસ્તાર—એનું ક્ષેત્ર ફળ ૧૧,૫૧૩ ચોરસ માઇલ છે અને વસ્તિ લગભગ સાડીઅઠાવીસ લાખની છે.

હિંદુ દેશી રાજ્યો—જવાર અને સાવંતવાડી સંસ્થાનો. જવારનો રાજા કોલી છે અને સાવંતવાડી, મરાઠા સરદારના હાથમાં છે.

હબસીનું થાણું—જંજીરા સંસ્થાન, હબસી મુસલમાન રાજાના હાથમાં છે.

પેદાશ—ચોખા, નાગલી, કંઠોશ, ડાંગર, નાળિયેર, સોપારી, શેરડી, હરડાં વગેરે છે. સાગનાં ઝાડો ઘણા થાય છે.

વેપાર—મુખ્ય કરીને હરડાં તથા નાળિયેરના રેસાના દોરડાંનો તથા મીઠાંનો વેપાર છે.

શેહેરો—મુખ્ય મોટાં શેહેરો, મુંબઈ, થાણા, કલ્યાણી, અલીબાગ, રત્નાગીરી, જવાર, જંજીરા, અને સાવંતવાડી છે.

દક્ષિણ પ્રાંત (ઉત્તર મહારાષ્ટ્ર.)

હકીકત—આ પ્રાંતની નદી કાંઠાની જમીન રસાળ છે, પણ વરસાદ નિયમિત નથી તેથી ઘણે ઠેકાણે દુકાળ પડે છે. આ પ્રાન્તના રહેવાશીઓ દક્ષિણી કહેવાય છે. વરસાદ વિના જમીન, ખેતી વગર ઉજ્જડ રહે છે.

વિસ્તાર—એનું ક્ષેત્રફળ ૩૮,૯૪૮ ચોરસ માઇલ છે અને વસ્તિ લગભગ ૬૩ લાખ છે.

નદીઓ—તાપી, ગોદાવરી, કૃષ્ણા, અને ભીમા.

પર્વત—સિહ્યાદ્રી અને સાતપુડા.

દેશી રાજ્યો—પેંઠ સંસ્થાન, ડાંગનો મુલક, સુળગણાનો મુલક, મેહેવાસી પ્રગણાં, સતારા જાગીર, ભોર, ફલટણ, ઔંધ, જત અને અક્કલકોટ સંસ્થાન. પેંઠ સંસ્થાન મુસલમાનોનું છે, બાકી બધાં હિંદુઓનાં છે.

ગુફાઓ—પુણા જીલ્લામાં કારલીના પુરાણા ગુફાઓમાંના દેહરાં જોવા લાયક છે.

પેદાશ—અનાજ, કઠોળ, શેરડી, તંબાકુ, મહુડાં, અળસી, રૂ અને ઇમારતી લાકડું મુખ્ય છે.

શેહેરો—પુણા, આગળ પેશ્વાઈ મુખ્ય શેહેર, પણ હાલ મુંબઇ ઇલાકાના ગવર્નરનું મુખ્ય મથક. શેહેર જોવા લાયક છે. અહમદનગર, પથરાની ખાણો છે. સતારા, મહાબલેશ્વર, હવા ખાવાના મથકો. મહાબળેશ્વર, મુંબઇ સરકારનું હવા ખાવાનું મથક છે. નાશીક, જાત્રાનું સ્થળ. ત્રંબક, ગોદાવરીનું મૂળ તથા જાત્રાનું ધામ. પંઢરપુર, જાત્રાનું સ્થળ. સોલાપુર, મોટો વેપાર ચાલે છે. બારસી, રૂનો મોટો વેપાર. બીજાં શેહેરોમાં ધુળિયા, માલેગામ, પેંઠ, અને અક્કલકોટ.

દક્ષિણ મહારાષ્ટ્ર અને ઉત્તર કાનડા.

હકીકત—એમાં પશ્ચિમ તરફ જંગલો તથા ડુંગરોની હાર છે. પૂર્વ ભાગ સપાટ તથા રસાલ છે. જમીન સારી છે: પ્રાન્તની ભાષા મરાઠી અને કનેરી છે.

વિસ્તાર—એનું ક્ષેત્રફળ લગભગ ૨૩ હજાર ચોરસ માઇલ છે. અને વસ્તિ ૫૦ લાખ ઊપરાંત છે.

નદીઓ—ભીમા, કૃષ્ણા, અને તુંગભદ્રા.

દેશી રાજયો—કોલાપુર તથા દક્ષિણ મરાઠા જાગીર. આ જીલ્લામાં સાવનુર, સાંગલી, જમખંડી, અને મીરજનાં રાજયો છે. સાવનુર, મુસલમાનોનું છે; બાકીનાં મરાઠાઓનાં છે.

પેદાશ—અનાજ, તંબાકુ, નાળિયેર, સોપારી, એલચી, શેરડી, અને રૂની મુખ્ય પેદાશ છે.


શેહરો—બીજાપુર, અસલ મુસલમાન રાજધાની, હજી જોવા લાયક છે. બેલગામ, લશ્કરી મથક. ધારવાડ, રૂના પાક માટે. કારવાડ, કુમ્તા અને હોનાવર બંદરો છે. મોટાં શેહરો કોલાપુર, કલાદગી, સાવનુર વગેરે છે.

હિંદુસ્તાન

હકીકત—પેહેલાં આ દેશનું નામ ભરતખંડ અથવા આર્યભૂમિ હતું, કેમકે પેહેલાં આર્યોનો આ દેશ હતો. અહિંયાં સૌથી જુનામાં જુનો સુધારો તથા જુનામાં જુનું સાહિત્ય છે. સુંદર હુનરકામ અને સરસ કારીગરી હુન્નર આ દેશનો વખણાયલો છે. મુસલમાનોના હુમલા થઇ તેમનું રાજ્ય થવા પછી આ દેશનું નામ હિંદુસ્તાન પડયું હતું, કેમકે હિદુસ્તાનનો અર્થ હિંદુઓનો દેશ થાય છે. મુસલમાનોના હાથમાંથી આ દેશ અંગ્રેજોના હાથમાં ગયો છે, જેઓ પહેલવહેલા ઇ. સ. ૧૬૦૦માં હિંદુસ્તાન સાથે વેપાર કરવા લાગ્યા હતા. ઈ. સ. ૧૮૫૮માં આ દેશ ઇંગ્લાંડના મરહુમ રાણી 'ભલી વિકટોરીયા'ના રાજયમાં, તેમની બાદશાહી સલતનત હેઠળ આવ્યો હતો અને હજી નામદાર અંગ્રેજ સરકારનું રાજય આ દેશમાં હોઇ, આ દેશને ઘણા ફાયદા કરે છે. ભલી વિકટોરીયાના પુત્ર ભલા એડવર્ડ સને ૧૯૧૦માં હિંદની ભારે ગમ ખ્વારી વચ્ચે ગુજર પામ્યા છે હવે હિંદના નવા શહેનશાહ જયોર્જ પાંચમા થયા છે. તેમનો હિંદુસ્તાનનો ખેતાબ કયસરે હિન્દનો છે.

સીમા—ઉત્તરે હિમાલય પર્વત, પૂર્વે બ્રહ્મદેશ અને બંગાળનો ઉપસાગર, દક્ષિણે હીંદી મહાસાગર, અને પશ્ચિમે અરબી સમુદ્ર, બલુચીસ્તાન અને અફઘાનીસ્તાન.

IN[DIA]



George Philip & Son, Ltd.

વિસ્તાર—હિંદુસ્તાનનું ક્ષેત્રફળ ૧૭,૬૬,૬૪૨ ચોરસ માઇલ છે. એટલે એનું કદ ઇંગ્લાંડ ને વેલ્સ કરતાં પચીસગણું મોટું છે. એની ઉત્તરથી દક્ષિણ સુધીની વધતામાં વધતી લંબાઈ ૧૯૦૦ માઇલ છે અને પૂર્વથી પશ્ચિમ સુધીની પહોળાઈ ૧૯૦૦ માઇલ છે. આ દેશનો આકાર ત્રિકોણ છે.

કુદરતી ભાગો—હિમાલય પ્રદેશ, ઉત્તરમાં અને દખણનો પ્રદેશ, દક્ષિણમાં છે. પૂર્વે ગંગાનો પ્રદેશ, અને પશ્ચિમે સિંધુનો પ્રદેશ.

સમુદ્ર—અરબી સમુદ્ર,—હિંદુસ્તાનની પશ્ચિમે.

હિંદી મહાસાગર—હિંદુસ્તાનની દક્ષિણે.

અખાતો—કચ્છનો અખાત—હિંદુસ્તાનની પશ્ચિમે.

ખંભાતનો અખાત—કાઠિયાવાડની પૂર્વે.

મનારનો અખાત—હિંદુસ્તાન અને સીલોનની વચ્ચે.

ઉપસાગર—બંગાળનો ઉપસાગર—હિંદુસ્તાનની પૂર્વે.

સામુદ્રધુની—પાકની સામુદ્રધુની—મનારના અખાતને બંગાળી સમુદ્ર સાથે જોડે છે.

દ્વીપો—લક્ષદ્વીપ અને માલદ્વીપ-હિંદી મહાસાગરમાં.

સીલોન (લંકા)—હિંદુસ્તાનની દક્ષિણે.

રામેશ્વર—હિંદુસ્તાન અને સીલોનની વચ્ચે.

આન્ડામાન અને નીકોબાર-બંગાળના ઉપસાગરમાં

દ્વીપકલ્પો—કાઠિયાવાડ દ્વીપકલ્પ-કચ્છ અને ખંભાતના અખાતની વચ્ચે. કચ્છનો દ્વીપકલ્પ—સિંધની દક્ષિણે.

ભૂશિરો—

મોન્ઝ—સિંધની પશ્ચિમે.

દીવ—કાઠિયાવાડના દક્ષિણે.

કામોરીન—હિંદુસ્તાનની દક્ષિણે.

કલેમીયર—હિંદુસ્તાનની અગ્નિએ.

પાલમાયરા—હિંદુસ્તાનની ઇશાને.

કિનારા—મલબાર કિનારો—હિંદુસ્તાનની નૈરૂત્ય દિશાએ.

કોરોમોંડલ કિનારો-હિંદુસ્તાનની અગ્નિએ.

ઓરિસ્સા—હુગલી અને ગોદાવરી નદીની વચ્ચે.

ગોલકોંડા—કૃષ્ણા નદીથી કામોરીન ભૂશિર સુધી.

કોકણ—કામોરીન ભૂશિરથી મુંબઇ સુધી.

પર્વતો—હિમાલય—હિંદુસ્તાનની ઉત્તરે; દુનિયામાં સર્વથી મોટો.

મુખ્ય શિખરો એવેરેસ્ટ, ધવલગીરી અને કચનજંગા.

શીવાલીક—ગંગા અને બીઆ નદીની વચ્ચે.

સુલેમાન—હિંદુસ્તાન અને અફઘાનીસ્તાનની વચ્ચે છે

હાલા—સિંધની પશ્ચિમે.

અરવેલી—રજપૂતાનામાં. મુખ્ય શિખર આબુ.

વિંધ્યા—મધ્યમાં.

સાતપુડા—નર્મદા નદીની દક્ષિણે

સિહ્યાંદ્રી અથવા પશ્ચિમ ઘાટ—દક્ષિણ હિંદુસ્તાનને પશ્ચિમ કિનારે.

પૂર્વઘાટ—દક્ષિણ હિંદુસ્તાનને પૂર્વ કિનારે.

રણ—કચ્છનું રણ—ગુજરાત અને સિંધની વચ્ચે છે.

નદીઓ—સિંધુ—હિમાલય પર્વતમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે, એની મોટી શાખાઓ જેલમ, બીઆ, રાવી, ચીનાબ ને સતલજ.

બંગાળના ઉપસાગરમાં નદીઓ —

બ્રહ્મપૂત્રા—હિમાલય પર્વતમાંથી નીકળે છે.

ગંગા—હિમાલય પર્વતમાંથી નીકળે છે. એની મોટી શાખાઓ જમના, ગોગ્રા, ગોમતી, ગંડકી, કુસી, વગેરે. જમના નદીમ ચંબલ અને બેટવા પડે છે.

મહા— સાતપુડા પર્વતમાંથી નીકળે છે.

ગોદાવરી—નાશક આગળ સિહ્યાંદ્રી પર્વતમાંથી નીકળે છે. એની મોટી શાખાઓ વેનગંગા અને વર્ધા.

કૃષ્ણા—સિહ્યાંદ્રી પર્વતમાંથી નીકળે છે. એની શાખાઓ ભીમા અને તુંગભદ્રા.

કાવેરી—નીલગીરી આગલનાં પર્વતમાંથી નીકળે છે.

ખંભાતના અખાતને મલનારી નદીઓ—

નર્મદા—વિંધ્યાચળ પર્વતમાંથી નીકળે છે.

તાપી—સાતપુડા પર્વતમાંથી નીકળે છે.

સાબરમતી—મહીકાંઠાના પર્વતમાંથી નીકળે છે.

મહી—માળવાના પહાડમાંથી નીકળે છે.

સરોવર—વલર—કાશ્મીરમાં.

મંચર—સિંધમાં.

સંભર અને પુશ્કર } રજપુતાનામાં.

કોલર—ગોદાવરી અને કૃષ્ણા નદીઓ વચ્ચે.

ચીલકા, પુલીકટ } હિંદુસ્તાનને પૂર્વ કિનારે.

આબો હવા— ...ા સ્થળનો અને તેની ભૂતળ રચનાનો હવા જોડે ઘણો સંબંધ છે. વિષુવવૃતની થડમાં હોવાથી તાપ ઘણો પડે છે. ઉત્તરનો થંડો અને સુક્કો પવન હિમાલયને લીધે અટકે છે. દક્ષિણ તરફ ગરમ અને ભેજવાળો પવન વાય છે. આ પવનની આડે કોકણ તરફ પર્વતની હાર આવતી હોવાથી ત્યાં આજુબાજુ વધુ વરસાદ તથા પેલી બાજુ થોડો વરસાદ વરસે છે. દેશનાં માંહેલા ભાગ કરતાં સમુદ્ર કિનારેનાં ભાગોમાં ઓછો તાપ પડે છે. વરસની ત્રણ મોસમો છે, જેવી કે શિયાળો, ઊનાળો, અને ચોમાસું.

હવા અને લોકપર તેની અસર—ઉત્તર ગુજરાત, સિંધ, તથા રજપુતસ્થાનમાં ટાઢ ને તાપ વધારે છે તથા હવા સુક્કી છે, તેથી એ પ્રદેશોના લોકો કદાવરને મજબુત છે. દક્ષિણ ગુજરાત તરફ ટાઢ ને તાપ માફકસર પડે છે તથા જમીન ફળદ્રુપ છે; તેથી ત્યાંના લોકો પાતળા મધ્યમ કદના, ચાલાક ને મોજીલા છે. પશ્ચિમ ઘાટમાં ઘણો વરસાદ પડે છે તથા જમીન ભેજવાળી ને કાંકરીવાળી છે તેથી ત્યાં લોકો શરીરે ઠીંગણા પણ ઉદ્યોગી ને કસરીઆ છે. મદ્રાસ ઈલાકામાં ટાઢ ઓછી ને તાપ વધારે પડે છે ને જમીનમાં કસ ઠીક છે, ત્યાં લોકોનો વર્ણ કાળો છે, તથા તેઓ ઉંચા કે જોરાવર નહોઈ ઓછા ઉદ્યોગી છે. બંગાળા પ્રાન્ત બહુ રસાળ ગરમ અને ભેજવાળો છે અને ત્યાં ડુંગરો નથી તેથી ત્યાંના લોકો કમજોર પણ બુદ્ધિશાળી છે. મધ્ય હિંદ અને પંજાબ એટલા રસાળ નથી પણ ત્યાં મોટા ડુંગરો હોઈ અતિશય તાપ અને ટાઢ પડે છે, તેથી ત્યાંના લોકો ઉંચા, જબરા અને શૂરા છે.

પેદાશ—ઘઉં જુવાર, બાજરી, ચોખા, વગેરે જુદી જુદી જાતનું ધાન્ય શેરડી, તંબાકુ, કેળાં, કેરી, રૂ, અફીણ, ગળી, અળસી;

શણુ, ચા, ગુંદ, ગરમ   મુખ્ય છે. સાગ, સીસમ વગેરે કિમતી ઈમારતી લાકડાં થાય છે. વાંસ અને નાળિયેરના ઝાડો ઘણાં છે તથા ઘણા કામમાં આવે છે. મેંઢાં, બકરાં, ઢોર, ભેંસ, કુતરા, ઘોડા, ઉંટ તથા પલાતાં જાનવરો ઘણાં છે. જંગલોમાં હાથી, વાઘ, ચિત્તા, રીંછ, સાપ, વાંદરા, હરણ પુષ્કળ છે. રેશમના કીડા બંગાળમાં ઉછરે છે.

ખનિજ—આ દેશ ખનિજમાં ઘણો આબાદ લાગતો નથી. કોયલો પુષ્કળ મળે છે, પણ બીજા દેશોના કોયલા કરતાં તે ઉતરતી પંક્તિનો છે. લોઢાંની ખાણો થોડી છે તથા બ્રહ્મદેશમાંથી કેરોસીન તેલ નીકળે છે. સૌથી મોટી પેદાશ નીમકની છે. હીરા અને સોનું કેટલેક ઠેકાણેથી નીકળે છે. સિંધવ અને સુરોખાર પણ ઠીક મલે છે.

ઉદ્યોગ અને વેપાર—હિંદુસ્તાનમાં સૌથી અગત્યનો ધંધો ખેતીનો છે. વણવાનો ઉદ્યોગ આગળ હતો પણ તે ધીમે ધીમે ઘટતો જાયછે. મુંબઇ ઈલાકામાં કાપડ વણવાનો હુન્નર ઠીક છે તથા બંગાળમાં જુટની બનાવટ સારી થાય છે. સોનાં, હાથી દાંત અને પોલાદપર નકસી કામ તથા સુંદર બનાવટ કરવા માટે દેશી કારીગરો વખણાય છે. શાલ, રેશમી કાપડ, તથા મલમલ બનાવવાનો દેશી હુન્નર સારો છે. પરદેશ સાથનો વેપાર સારો છે. સુતરાઉ, રેશમી તથા ગરમ કાપડ, સાંચાકામ, તેલ, દારૂ, કોયલો, ઘડયાલ, ખાંડ, કેરોસીન તેલ, સોનું, રૂપું, લોઢું, તાંબુ તથા રેશમની મુખ્ય **આયાત** છે. આ દેશમાંથી અફીણ, સુતર, હાથીદાંત, શણુ, ચા, તેલીબિયાં, અનાજ, ગળી, ગુંદ, રૂ, જુટ, અને ચામડાંની મુખ્ય **નિકાશ** થાય છે.

વસ્તિ અને લોકો—હિંદુસ્તાનની વસ્તિ ૨૯ કરોડ ને ૪૦ લાખ ઉપરાંત છે. મુખ્ય જાતોમાં હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી, યુરેઝીઅનો, યાહુદીઓ વગેરે છે.

ભાષા—હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં સો ઉપરાંત ભાષાઓ બોલાય છે. મુખ્ય ભાષાઓમાં બંગાળી, ઉરિયા, હિંદી, પંજાબી, સિંધી, મરાઠી, ગુજરાતી, આસામીઝ, હિંદુસ્તાની, તામીલ, કેનેરીઝ, બરમીઝ છે. હાલમાં અંગ્રેજી ભાષા આખા દેશમાં સામાન્ય ભાષા જેવી થતી જાય છે.

રેલ્વે—હિંદુસ્તાનમાં ઘણાં ખરાં શેહેરો રેલ્વેથી જોડાઇ ગયલાં છે ચોવીસ હજાર માઇલ રેલ્વે સડક થઈ છે અને હજી લંબાય છે.

સુધારા—અંગ્રેજી રાજ્ય સાથે ઘણા સુધારા હિંદમાં થયા છે. જેમાં પોસ્ટ અને તાર ખાતાં મુખ્ય છે. લોકોની બહુ સગવડ સચવાઇ છે અને તેથી ઘણોજ ફાયદો થયો છે.

કેળવણી-આગલા વખતમાં કેળવણીનો ઝાઝો પ્રચાર હતો નહિ, હાલમાં ગરીબ કે પૈસાદાર; અમીર કે ફકીર સુધાં કેળવણીનાં મીઠાં ફળ ચાખે છે. વિદ્યાને લગતી જુદી જુદી જાતની શાખાઓની જુદી પાઠશાળાઓ પણ ખાસ છે. વિદ્યાર્થીઓની સંખ્યા ૫૦ લાખની છે.

ધર્મો—હિંદુ, મુસલમાની ધર્મો મુખ્ય છે. હિંદુ ધર્મમાં બૌદ્ધ અને જૈન ધર્મનો સમાવેશ થાય છે. જરથોસ્તી ધર્મવાળા પારસીઓ ફકત એક લાખ છે અને હાલમાં ખ્રિસ્તી ધર્મ થોડોક ફેલાતો જાય છે.

રાજ્ય વહીવટ—આ દેશ ઇંગ્લાંડના રાજાને તાબે છે. તેમના તરફથી અત્રે વહીવટ કરવાને વાઇસરોય આવે છે. જેને એક કૌંસીલ મદદ કરે છે. જે તે પ્રાન્તોના ગવર્નરો, કમીશનરો વગેરે તેમને તાબે છે. દરેક પ્રાન્તનો વર્ગણીદાર ઉપરી છે. ઇનસાફને માટે જુદા જુદા પ્રાન્તોમાં જુદી જુદી ન્યાયાધીશીઓ પણ છે. હિંદુસ્તાનની સરકારના કામપર દેખરેખ રાખવા માટે ઇંગ્લાંડ ખાતે ઈંડયા કૌંસીલ છે, જેનો વડો સેક્રેટરી ઓફ સ્ટેટ ગણાય છે અને તેની નિમણુંક ઇંગ્લાંડનું પ્રધાન મંડળ કરે છે. આ સેક્રેટરીને મદદ કરવા એક કૌંસીલ છે. હિંદુસ્તાનના વતનીઓને હિંદી કૌંસીલોમાં ભાગ લેવા માટે નીમવામાં આવ્યા છે તેમજ ઇંગ્લાંડ ખાતેની સભામાં તેવા દેશીની નિમણુંક હવે થઇ છે.

જાત્રાનાં મોટાં સ્થળો—હરદ્વાર, જગન્નાથ પુરી, કાશી, મથુરા, દ્વારિકાં, નાશીક, પંઢરપુર ને રામેશ્વર.

હવા ખાવાનાં મોટાં ઠેકાણાં—દારજીલીંગ, સીમલા, મરી, આબુ, મહાબલેશ્વર, નીલગીરી, ને ઉટાકામંદ.

મુખ્ય બંદરો—

પશ્ચિમ કિનારે—કરાંચી, પોરબંદર, ખંભાત, ભરૂચ, સુરત, મુંબઈ, ગોવા, મેંગ્લોર, કોચીન.

પૂર્વ કિનારે—તુતિકોરીન, મછલીપટ્ટણ, મદ્રાસ, પોંડીચરી, જગન્નાથપુરી, કલકત્તા, અકયબ, રંગુન, ને મોલમીન.

ગુજરાતના બંદરો—ખંભાત, ભરૂચ, સુરત.

કાઠિયાવાડના બંદરો—ધોલેરા, ભાવનગર, જાફરાબાદ, વેરાવળ, માંગરોળ ને પોરબંદર.

કચ્છના બંદરો—માંડવી.

સિંધના બંદરો—કરાંચી.

નદીપરનાં મોટાં શેહેરો:

સિંધુ	ઉપર	પેશાવર, અટક. હૈદ્રાબાદ, ઠઠ્ઠા અને કરાંચી.
જેલમ	,,	કાશ્મીર.
બીઆ	,,	જળંદર.
ચીનાબ	,,	મુલતાન
રાવી	,,	લાહોર.
સતલજ	,,	લુધીઆના.
બ્રહ્મપુત્રા	,,	જમાલપુર ને વિશ્વનાથ.
ગંગા	,,	હરદ્વાર, કાનપુર, અલ્હાબાદ ને કાશી.
જમના	,,	દિલ્હી, આગ્રા, મથુરા.
ગોગ્રા	,,	અયોધ્યા.
ગોમતી	,,	લખનો.
મહા	,,	કટક.
ગોદાવરી	,,	નાશીક ને ઔરંગાબાદ.
કૃષ્ણા	,,	મછલીપટ્ટણ.
કાવેરી	,,	શ્રીરંગપટ્ટણ ને ત્રિચીનાપોલી.
નર્મદા	,,	જબલપોર ને ભરૂચ.
તાપી	,,	સુરત ને બ્રહાનપુર.
સાબરમતી	,,	અમદાવાદ.
મહી	,,	ખંભાત.

વખણાતી મુખ્ય જગ્યાઓ—

કલકત્તા—હિંદુસ્તાનની રાજ્યધાની અને મહેલોનું શેહેર ગણાય છે.
મુંબઇ—હિંદુસ્તાનનું મોટું બંદર; સુંદર શહેર અને વેપાર, હુન્નર આદિનું મોટું મથક.
મદ્રાસ—સુતર અને કાપડના વેપાર માટે.
બંગાળ—ખાંડ માટે.
કાશ્મીર ને મુલતાન—ઊનના વસ્ત્રો અને શાલ માટે.
નાગપુર—રેશમી ધોતી જોડા તથા ભરત કામ.
બનારસ (કાશી)—હિંદુઓનું પવિત્ર સ્થળ અને દુપટ્ટા માટે.
મથુરા—પેંડા તથા જાત્રાનું સ્થળ.
આગ્રા—પ્રખ્યાત તાજ મહેલ અને શેતરંજી માટે.
ઢાકા—મલમલ માટે.
જયપુર—ચિત્રો તથા બાંધણી માટે.
શિરોહિ—તરવાર.
મીરજાપુર—ગાલીચા.
બ્રહાનપુર—શેલાં.
કચ્છ—ઘોડા.
જામનગર—કંકુ.

રાજકિય વિભાગો. બ્રિટિશ પ્રાન્તો.

	વિભાગ	મુખ્ય શેહેર	કોણ હાકેમ છે.
૧	મુંબઈ ઇલાકો	મુંબઇ	ગવર્નર
૨	મદ્રાસ ઇલાકો	મદ્રાસ	,,
૩	બંગાળ પ્રાન્ત	કલકત્તા	લેફ્ટેનન્ટ ગવર્નર

૪	પૂર્વ બંગાળ આસામ સાથે	ઢાકકા	લેફ્ટેનન્ટ ગવર્નર
૫	આગ્રા તથા અયોધ્યાના સંયુક્ત પ્રાન્તો	અલ્હાબાદ	,,
૬	પંજાબ પ્રાંત	લાહોર	,,
૭	વાયવ્ય તરફની સરહદનો પ્રાન્ત	પેશાવર	ચીફ કમીશનર
૮	મધ્ય પ્રાન્તો અને વરાડ	નાગપુર	,,
૯	કુર્ગ	મર્કેરા	,,

હિંદની બહારના બ્રિટિશ મુલકો

૧૦	બ્રહ્મદેશ	રંગુન	લેફ્ટેનન્ટ ગવર્નર.
૧૧	બ્રિટિશ બલુચિસ્તાન	કવેટા	ચીફ કમીશનર.
૧૨	આન્ડામાન, નીકોબાર બેટો.	પોર્ટ બ્લેર.	ચીફ કમીશનર.

મોટાં દેશી રક્ષિત રાજ્યો.

૧	કાશ્મીર	શ્રીનગર	રેસીડેન્ટ	રહે છે.
૨	હૈદ્રાબાદ	હૈદ્રાબાદ	,,	,,
૩	મહિસૂર	મહિસૂર	,,	,,
૪	મધ્ય હિંદ એજન્સી	ઇંદોર	,,	,,
૫	રજપુત સંસ્થાનો	ઉદેપુર	,,	,,
૬	વડોદરા રાજ્ય	વડોદરા	,,	,,

સ્વતંત્ર રાજ્ય.

૧	સ્વતંત્ર પહાડી રાજ્યો	ખટમંડુ	,,	,,

પરદેશી રાજ્યો.

૧	ફ્રેંચનો મુલક	પોંડીચેરી	ગવર્નર.
૨	પોર્ટુગીઝનો મુલક	ગોઆ	,,

મદ્રાસ ઇલાકો.

હકીકત—આ ઇલાકો હિંદુસ્તાનની દક્ષિણમાં છે. એની ત્રણ બાજુએ પાણી છે. એ ભાગ આખા હિંદુસ્તાનનો એક અગ્યારાંશ ભાગ છે. અહિંની હવા ગરમ છે. પશ્ચિમ કિનારે ઘણો વરસાદ પડે છે, પણ દક્ષિણ તરફ ઝાઝો પડતો નથી. આ ઇલાકાના હાકેમ ગવર્નર છે કે જેમને બે કોંસીલો મદદ કરે છે.

સીમા—ઉત્તરે કાનડા અને હૈદ્રાબાદનું રાજ્ય, પૂર્વે બંગાળનો ઉપસાગર, દક્ષિણે મનારનો અખાત તથા પશ્ચિમે મહિસૂર.

વિસ્તાર—એ ઇલાકાનું ક્ષેત્રફળ ૧,૪૩, ૩૪૫ ચોરસ માઇલ છે. એના કાંઠાની લંબાઇ ૧૯૦૦ માઇલ છે.

રાજકિય વિભાગો—રાજ્ય વિભાગ ત્રણ છે. ૧ ઉત્તર સરકાર, ૨ કર્ણાટક ૩ મલબાર.

અખાત—મનારનો અખાત, દક્ષિણે છે.

સામુદ્રધુની—પાકની સામુદ્રધુની, હિંદુસ્તાન અને સીલોનની વચ્ચે.

કિનારા—મલબાર કિનારો, પશ્ચિમે અને કોરોમંડળ કિનારો પૂર્વે છે.

પર્વતો—પૂર્વઘાટ, પશ્ચિમઘાટ, અને નીલગીરી.

નદીઓ—ગોદાવરી, કૃષ્ણા, કાવેરી, પનાર, અને પલાર.

સરોવરો—કોલર, ચીલકા અને પુલીકટ, પૂર્વ કિનારે.

પેદાશ—લોઢું પુષ્કળ છે. થોડુંક સોનું અને તાંબુ પણ મળે છે. કોયલાની પણ ખાણો છે. દરિયાનાં પાણીમાંથી નીમક

બનાવે છે. ગોદાવરી અને કૃષ્ણા નદીઓ વચ્ચેના મુલકમાંથી થોડાક હીરા મળે છે. ચોખા, બાજરી, મુખ્ય અનાજ છે તેલનાં બિયાં, તંબાકુ અને શેરડી મુખ્ય છે; રૂ અને ગળી થોડેક ઠેકાણે થાય છે. નાળિયેરીના ઝાડો પશ્ચિમ કિનારે ઘણાં છે તથા નીલગીરી તરફ કોફી (બુંદ) થાય છે.

ઉદ્યોગ અને વેપાર—વસ્તિનો ઐત્રત્યાંશ ભાગ ખેતી કરે છે. સુતરાઉ કાપડ, ગળી, ખાંડ, અને પી-તળનાં વાસણનો મુખ્ય ઉદ્યોગ છે. મુખ્ય **નિકાશ** ચામડાં, રૂ, કોફી, તેલનાં બિયાં, ચોખા, ગળી, તેલ, અને ખાંડ છે. મુખ્ય **આયાત** રૂનાં કપડાં, ધાતુ, વિલાયતી દારૂ અને ઇમારતી લાકડાં છે.

લોકો અને ધર્મ—કુલ્લે વસ્તિ ત્રણ કરોડ ને એંસી લાખની છે. મુખ્ય જાત હિંદુઓની છે, મુસલમાનો તથા દેશી ખ્રિસ્તીઓ પણ છે. ટેલુગુ, ટામીલ, કેનેરીઝ, મલાયાલમ નામની ચાર ભાષાઓ મુખ્ય બોલાય છે.

મુખ્ય શેહેરો—મદ્રાસ, રાજધાની; મોટા વેપારનું મથક છે. કાન-જેવરામ, અહિંયાંનાં દેવળો પ્રખ્યાત છે. મછલીપટ્ટણ, મોટું બંદર છે. વેલ્લાર, ગાલીચા માટે પ્રખ્યાત છે. વીઝાગા-પટ્ટમ, બંદર છે અને શીંગડાના દાબડા માટે જાણીતું છે. નેગાપટ્ટમ, બંદર છે. મદુરા, અસલી દહેરાંઓ છે. ટુટીકોરીન, રૂનું બંદર છે. ત્રાંચીનાપોલી, મોટું શહેર અને લસ્કરી મથક છે. ઉટાકામંદ, નીલગીરીનું મુખ્ય શેહેર અને હવા ખાવાનું મથક. કાલીકટ, વેપારનું મોટું શેહેર છે. કોચીન, વેપારનું શહેર છે.

દેશી રાજ્યો—ત્રાવણકોર, કોચીન, અને પુદુકોટા.
ફ્રેંચના સ્થળો—પોંડીચેરી, માહી, કારીકળ, અને યાનાન.
હવા ખાવાનાં ઠેકાણાં—નીલગીરી અને ડીંડીગલ

બંગાળ પ્રાન્ત.

હકીકત—આ ભાગ હિંદુસ્તાનનો એકત્રીસાંશમો ભાગ છે. આ પ્રાન્તના ઇ. સ. ૧૯૦૫ માં લોર્ડ કર્ઝન ગવર્નર જનરલે હિંદી વજીરની પરવાનગીથી બે ભાગલા કીધા છે, જેમાંનો બીજો ભાગ હવેથી પૂર્વ બંગાળ પ્રાન્તને નામે ઓળખાય છે, અહિંની રૂતુ ત્રણ છે. ગરમી, ઠંડી અને વરસાદ. આ પ્રાન્તના હાકેમ લેફટેનન્ટ ગવર્નર છે.

સીમા—ઉત્તરે નેપાલ ને ભુતાન. પૂર્વે પૂર્વ બંગાળ અને આસામ દક્ષિણે બંગાળનો ઉપસાગર.

ઉપસાગર—બંગાળનો ઉપસાગર.

પર્વતો—રાજમહાલ ડુંગરો, બીહારમાં છે. પારસનાથની ટેકરી, છોટા નાગપુરમાં છે અને હિમાલય પર્વતને લગતા ડુંગરો છે.

નદીઓ—હુગલી, ભાગીરથી, કુશી, મહા નદી, સુવર્ણરેખા, બ્રાહ્મણી અને વૈતરણી.

ભાગો—મુખ્ય ચાર ભાગ છે. ૧ બંગાળ, ૨ ઓરીસા, ૩ બીહાર પ્રાન્ત અને ૪ છોટા નાગપુર.

પેદાશ—ઘઉં, ચોખા, બાજરી, જવ, ગળી, જુટ, અફીણ, ખાંડ, તંબાકુ, તેલના બિયાં મુખ્ય છે. રેશમના કીડા ઉછેરવા

માં આવે છે તથા ચાના બગીચા છે. ફણુસ, કેળાં, નારંગી, નાળિયેરીનાં સારાં ઝાડો છે. આ પ્રાન્તમાં કોયલાની ખાણો ઘણી છે.

હુન્નર—શણનાં કાગલો બને છે તથા હિંદી રબર સારૂં થાય છે. અહિંયાં વણવાનો તથા ધાતુનાં પત્રાં બનાવવાનો હુન્નર મુખ્ય છે.

વેપાર—સુતરાઉ માલ, ધાતુઓ, સાંચાકામ, નીમક, તેલ અને દારૂની મુખ્ય **આયાત** છે. મુખ્ય **નિકાશ** અફીણ, ચોખા, શણ-તેલીબિયાં, જુટ, ગળી, ચામડાં, ચા, રેશમ, અને સુરા, ખારની છે.

લોકો અને ભાષા—વસ્તિ ચાર કરોડની છે. એક તૃત્યાંશ મુસલમાનો છે. બાકીના હિંદુઓ છે. બંગાળીઓ કેળવણીમાં આગળ વધેલા છે. ભાષાઓમાં બંગાળી, હિંદી અને ઉર્દુ મુખ્ય ભાષા છે.

શેહેરો— **બંગાળ:** કલકત્તા, મુખ્ય શહેર છે. હિંદુસ્તાનની રાજધાની ગણાય છે તથા મહેલોના શહેરને નામે ઓળખાય છે. આગળ સંસ્કૃત પાઠશાળાઓ માટે પ્રખ્યાત હતું. પ્લાસી, ઈ. સ. ૧૭૫૭ ના યુધ્ધ માટે. મુર્શીદાબાદ, રેશમી કાપડને હાથી દાંતનો સામાન સારો બને છે. કાસીમબઝાર, આગળ રેશમી બનાવટ માટે પ્રખ્યાત હતું.

ઓરીસા—કટક, મોટું શહેર અને બંદર છે. પુરી, જગન્નાથના પ્રખ્યાત મંદીર માટે જાણીતું છે. બાલાસોર, બંદર છે.

બીહાર—મોંગીર, સુથાર [illegible] કામ સારૂં થાય છે. પટના, મોટું શેહેર છે. ગાયા, જાત્રાનું સ્થળ, મુઝફ્ફરપુર, મોટું શેહેર છે. દરભંગા, હિંદુ રાજાનું મુખ્ય શેહેર છે.

છોટા નાગપુર—રાનચી અને હજીરાબાદ મુખ્ય શેહેરો છે.

દેશી રાજ્યો—સીકીમનું રાજ્ય, નેપાલ અને ભુતાનની વચ્ચે. કુચબીહાર, ભુતાનની દક્ષિણે. છોટાનાગપુર અને ઓરીસા માંહે નાનાં નાનાં દેશી રાજ્યો છે, જે બંન્ને ભાગોનો પોણો ભાગ રોકે છે.

હવા ખાવાનાં ઠેકાણાં—દારજીલીંગ, બંગાળના લેફ્ટેન્ટ ગવર્નરનું હવાખાવાનું મથક.

જાત્રાના સ્થળો—પુરી, ગાયા, અને પારસનાથનો ડુંગર.

પૂર્વ બંગાળ અને આસામ.

પૂર્વ બંગાળ

હકીકત—આ ભાગ ઇ. સ. ૧૯૦૫માં હિંદુસ્તાનના તે વખતના ગવર્નર જનરલ, લોર્ડ કર્ઝને છુટો પાડયો હતો. સરકાર તરફથી વ્યવસ્થાની સગવડ અર્થે આ ભાગલા કરવામાં આવ્યા હતા એમ જણાય છે. એ ભાગ બંગાળ પ્રાંન્તના પૂર્વ અને પશ્ચિમ તરફના ભાગોનો બનેલો છે. એમાં આસામ પ્રાંત જોડી દેવામાં આવ્યો છે.

નદીઓ—હુગલી, બ્રહ્મપુત્રા.

વેપાર ઉદ્યોગ—આ ભાગની પેદાશ બંગાળ પ્રાન્તના જેવી છે. મુખ્ય **નિકાશ** ચોખા અને ઇમારતી લાકડાંની છે. અહિંયાં વહાણ બાંધવાનો હુન્નર છે.

શેહેરો—ઢાકકા, મુખ્ય શેહેર, તેની સુંદર મલમલ તથા કાપડ માટે પ્રખ્યાત છે. બારીસલ અને મયમાનસીંગ, મોટાં શેહેરો છે. નવખાલી, એ નામના ભાગનું મોટું શેહેર છે. કોમીલા, ટીપેરાનું મથક છે. ચીતાગાંગ, વેપારનું મોટું શહેર. ચંદ્રનગર, ફ્રેંચ લોકોનું શેહેર છે. ચીનસુરા, ડચ લોકોનું પહેલાં મથક હતું. સીરામપોર, ડેન લોકોનું આગળ મથક હતું. બર્દવાન, હિંદી રાજાનું મથક. રાનીગંજ, કોયલાની ખાણો છે.

દેશીરાજયો—ટીપેરાની ટેકરી, તેમજ પૂર્વે આવેલા બીજા નાનાં પહાડી દેશી રાજયો છે.

આસામ.

હકીકત—ઇ. સ. ૧૮૨૪ માં આસામ, બર્માઓ પાસેથી અંગ્રેજોએ જીત્યો હતો. આ ભાગ બંગાળ પ્રાન્તમાંથી ઇ. સ. ૧૮૭૪ માં છૂટો પાડવામાં આવ્યો હતો અને તેમાં બીજો ભાગ ઉમેરી તેને એક જુદો પ્રાન્ત બનાવવામાં આવ્યો હતો, પણ પાછળથી પૂર્વ બંગાળ સાથે એને જોડી દેવામાં આવ્યો છે. એનો વિસ્તાર ૪૮ હજાર ચોરસ માઇલ છે. એ બ્રહ્મપુત્રા નદીના કાંઠાનો પ્રદેશ છે. એ બંગાળની ઉત્તરે અને પૂર્વે છે. આ ભાગમાં વરસાદ વધુ પડે છે. વસ્તિ સાઠ લાખની છે.

પર્વત—જીનતેહ અને ગારો નામનાં

નદી—બ્રહ્મપુત્રા.

પેદાશ—ચાનો પાક ઘણો છે, તથા કોયલાની ખાણો છે. લોઢાં, ચુનાની ખાણો પણ છે. રૂ પણ ઉગે છે. રેશમની વણાટ તથા લોઢાંકામ બને છે. લાખ, રબર તથા ઇમારતી લાકડાંનો સારો વેપાર છે. આસામની ભેંસો વખાણાય છે.

આગ્રા અને અયોધ્યાના સંયુકત પ્રાન્તો.

હકીકત—આ બે વિભાગો ઇ. સ. ૧૮૭૭ માં વાયવ્ય પ્રાન્તો અને આઉધ ના નામ હેઠળ જોડવામાં આવ્યા હતા, પણ ઇ. સ. ૧૯૦૧ ના ઢંઢેરા મુજબ તે નામ કાઢી નાંખી, ઉપલું નામ રાખવામાં આવ્યું છે. કુલે ક્ષેત્રફલ એક લાખને સાત હજાર ચોરસ માઇલ છે. ચાર કરોડ ને સીત્તેર લાખની વસ્તિછે. બ્રિટિશ હિંદના પ્રાન્તોની વસ્તિમાં એ બીજો પ્રાન્ત છે.

આગ્રા પ્રાન્ત

સીમા—ઉત્તરે હિમાલય, અયોધ્યા અને નેપાળ, પૂર્વે બીહાર પ્રાન્ત, દક્ષિણે બુંદેલખંડ અને ગ્વાલીઅર, પશ્ચિમે રજપુતાના અને પંજાબ.

પર્વત—શીવાલીક.

નદીઓ—ગંગા, રામ [illegible], ગોમતી, ગોગ્રા, જમના અને બેટવા.

પેદાશ—અનાજ, અફીણ, તેલના બિયાં, ખાંડ, રૂ, ગળી, અને ચા મુખ્ય પેદાશ છે. સુરોખાર પુષ્કળ મળે છે અને તે પરદેશ જાય છે. જંગલો હોવાથી ઇમારતી લાકડાં વગેરે ઘણાં મળે છે. તાંબા પીત્તળના વાસણ તથા દેશી કાપડ બનાવવાનો મુખ્ય ધંધો છે.

ઋતુ અને લોકો—ઋતુ બંગાળ કરતાં વધુ ગરમ અને ઠંડી છે; વરસાદ ઘણો નથી. ગંગા અને જમના નદીની મોટી નેહેરો છે. વસ્તિનો આઠમો ભાગ મુસલમાનોનો છે, બાકીના હિંદુઓ છે. ઉર્દુ અને હિંદી ભાષા મુખ્ય છે.

શેહેરો—અલ્હાબાદ, મુખ્ય શેહેર છે. આ શેહેરને પહેલાં પ્રયાગ કહેતા હતા. કાનપોર, લશ્કરી મથક અને રૂ તથા ચામડાંની બનાવટ માટે જાણીતું છે. બનારસ (કાશી), સૌથી મોટું શેહેર અને જાત્રાનું સ્થળ છે. ગાઝીપુર, ગુલાબના અત્તર અને અફીણના વેપાર માટે. મીરઝાંપુર, વેપારનું શેહેર છે. આગ્રા, મોગલ શેહેનશાહતનું મુખ્ય શેહેર છે; અહિંનો તાજ મેહેલ દુનિયાની નવાઇઓમાંનો એક છે. ફત્તેહપુરસીક્રિ, ઐતિહાસીક બનાવ માટે. ફરૂકાબાદ, વેપાર માટે. કનોજ, આગળના વખતમાં પ્રખ્યાત હતું. મથુરા, શ્રી કૃષ્ણની જન્મ ભૂમિ. મીરત, લશ્કરી મોટું મથક. અલીગઢ, અહિંની મુસલમાન પાઠશાળા જાણીતી છે. રૂર્કી, ઇજનેરી કોલેજ જાણીતી છે. બરેલી, રોહીલખંડમાં મોટું શેહેર છે. શાહજનપુરને મોરાદાબાદ, મોટાં શેહેરો છે.

જાણીતા સ્થળો—બનારસ, મથુરા, આગ્રા, ... હરદ્વાર.

દેશી રાજ્ય—રામપુરમાં મુસલમાની રાજ્ય છે, અહિંના દુપટ્ટા ઘણા વખણાય છે. બનારસમાં હિંદુ રાજા છે. ગઢવાળ, હિમાલયમાં પહાડી રાજ્ય છે. અહિં ગંગા ને જમનાનું મૂળ હોવાથી જાત્રાળુઓ ઘણા જાય છે; એ હિંદુ રાજ્ય છે. એનું મુખ્ય શેહેર, ટેહરી છે.

અયોધ્યા પ્રાન્ત.

હકીકત—આ ભાગ નેપાળ અને ગંગા નદીની વચ્ચે છે. એનો ઉત્તર ભાગ જંગલોથી ભરપુર છે. રૂતુ સુકકી છે, ગરમી અને ઠંડી વિશેષ પડે છે. વસ્તિમાં દશમો ભાગ મુસલમાનો છે. ભાષામાં હિંદી અને ઉર્દુ મુખ્ય છે.

નદીઓ—ગોગ્રા, રામગંગા, સઇ ને ગોમતી.

પેદાશ—ઘઉં, ચોખા, અનાજ, તેલી બિયાં, ખાંડ, અફીણ, ગળી, રૂ વગેરે છે. જંગલોમાંથી ઇમારતી લાકડાં ઘણાં મળે છે. ખેતી સારી છે.

શહેરો—લકનૌ, મોટું સુંદર શહેર છે. ફઇઝાબાદ, આગળ અહિંયાંની મલમલ વખણાતી હતી. અયોધ્યા, શ્રી રામની જન્મભુમિ. રાયબરેલી, મોટું શહેર છે.

પંજાબ પ્રાન્ત.

હકીકત—આ નામ ફારસી શબ્દ પંજ એટલે પાંચ અને આબ એટલે પાણી પરથી નીકળેલો છે. એ પાંચ નદીઓનાં સંગ-

ભપર ઘણો ખરો આવેલો છે, તેથી એને પંજાબ કહે છે. એને તાબે કુલ્લે ૩૬ નાનાં મોટાં દેશી રાજ્યો છે. એનું ક્ષેત્રફળ ૯૭,૮૦૦ ચોરસ માઇલ છે. હવા સુકકી છે. ઉનાળો અને શિયાળો કડકડતો છે.

સીમા—ઉત્તરે કાશ્મીર, પૂર્વે સંયુકત પ્રાન્ત, દક્ષિણે રજપુતસ્થાન અને પશ્ચિમે સુલેમાન પર્વત.

પર્વતો—શીવાલીક અને સુલેમાન.

નદીઓ--સિંધુ, જેલમ, બીઆ, ચીનાબ, રાવી, ને સતલજ.

પેદાશ—કંઠાળ, તલ, બાજરી, ચા, કટકડી, ઉન વગેરે ઠીક થાય છે.

હુન્નર—શાલો, ઉનનાં કપડાંની વણાટ, સુતરાઉ કપડાં, જરીનું કામ, સોના રૂપાંની કારીગરી, લોઢાંપર સોના રૂપાંની કારીગરી, ઝબોટલાં વાસણ તથા જવાહિરનું કામ મુખ્ય છે.

લોકો અને ભાષા—વસ્તી બે કરોડની છે. અડધો ભાગ મુસલમાનોનો છે. વીસ લાખ ઉપરાંત શીખ લોકો છે. બાકીના હિંદુઓ છે. ભાષામાં પંજાબી અને ઉર્દુ ભાષા મુખ્ય છે.

મુખ્ય શેહેરો--લાહોર, મુખ્ય શેહેર, ઇમારતો જોવા લાયક છે. અમ્રિતસર, શીખ લોકોનું પવિત્ર શહેર, શાલ રેશમ અને સુતરના કાપડ માટે પ્રખ્યાત છે. નગરકોટ, અહિંનું દહેરૂં મહમદ ગીઝનવીએ લૂટ્યું હતું. લુધીઆના, શાલની બનાવટ માટે પ્રખ્યાત છે. અંબાલા, મોટું લશ્કરી મથક છે. શીમલા. વાઇસરાયનું હવા ખાવાનું મથક. સ્થાનેશ્વર

અને પાણીપત, હિંદુસ્તાનના ઇતિહાસમાં પ્રખ્યાત જગ્યાઓ; મોટી મોટી લડાઇઓનાં ધામ. દિલ્હી, મોટું શેહેર, આગળ મોગલ શેહેનશાહતની રાજધાની. મુલતાન, વેપારનું મોટું મથક તથા લશ્કરી છાવણી છે. રાવલપીંડી, લશ્કરી મથક. મરી, હવા ખાવાનુ મથક છે. અલીવાલ, સોબ્રાઅન, ગુજરાત, ફીરોઝશાહ, ઇતિહાસિક શહેરો છે; અહિંયાં મોટી લડાઇઓ થઇ હતી.

દેશી રાજ્યો—લગભગ ૩૬ નાનાં મોટાં દેશી રાજ્યો છે. જેમની કુલે વસ્તિ ૪૫ લાખની છે. તેમાં મોટાં રાજ્ય ભાવલપુર. પતીઆલા, ઝીંદ. નાભા. કપરથલા, ચંબા. અને ફરીદકોટ વગેરે છે.

હવા ખાવાના ઠેકાણા—સીમલા ને મરી. સીમલા એ હિંદના વાઇસરોયનું મથક છે.

વાયવ્ય સરહદ પ્રાન્ત.

હકીકત—આ ભાગ પંજાબની પશ્ચિમે છે અને અફઘાનીસ્તાનની પૂર્વે છે. ક્ષેત્રફળ ૩૧ હજાર ચોરસ માઇલ છે. આ પ્રાન્ત ઈ. સ. ૧૯૦૧ માં પંજાબ પ્રાન્તમાંથી લઇને બનાવવામાં આવ્યો હતો. અહિયાં અંગ્રેજ રાજ્યની સરહદ છે. વસ્તિ ચાલીસ લાખની ધારવામાં આવે છે. મુખ્ય ભાષાઓમાં ઉર્દુ, પંજાબી, અને પીસ્તુ છે. ડેરીઓ તરફની જાતોમાં વઝીરી, અને કોહીસ્તાની જાત મુખ્ય છે.

પર્વત—સુલેમાન

ખીણો—અફઘાનીસ્તાન અને હિંદુસ્તાન વચ્ચે આવજા કરવા માટે ખાઇબર પાસ નામનો મુખ્ય રસ્તો છે. આ ઉપરાંત કરમ ખીણનો બીજો રસ્તો છે.

શેહેરો—પેશાવર, મુખ્ય શેહેર, લશ્કરી અને સરકારી મથક. કોહાટ, એડવર્ડસાબાદ, અને એબટાબાદ બીજાં શહેરો છે.

મધ્ય પ્રાન્તો અને વરાડ.

મધ્ય પ્રાન્ત.

હકીકત—આ ભાગ અંગ્રેજ સરકારના હાથમાં ઇ. સ. ૧૮૫૩ પછી આવ્યો હતો; હજી એમાં થોડોક ભાગ ગોંડ તથા રજપુત ઠાકોરોને તાબે છે. એનું ક્ષેત્રફળ ૧,૧૩,૨૭૯ ચોરસ માઇલ છે. વસ્તિ કુલ્લે એક કરોડ ને સાડા સાત લાખ ઉપરાંત છે. એમાં તાપ વધુ પડે છે, તેમ વરસાદ પણ ઘણો પડે છે. મુખ્ય ભાષા, હિંદી, મરાઠી અને ઉરીયા છે. રાજ્ય કારોબાર ચીફ કમીશનર ચલાવે છે.

સીમા—ઉત્તરે બુંદેલખંડ, પૂર્વે મદ્રાસ ઇલાકો ને બંગાળ પ્રાન્ત, દક્ષિણે હૈદ્રાબાદનું રાજ્ય તથા પશ્ચિમે ભોપાળ વગેરે દેશીરાજ્ય.

પર્વતો—સાતપુડા અને વિંધ્યાચળ.

નદીઓ—નર્મદા, તાપી, વેનગંગા. વર્ધા ને મહા નદી.

પેદાશ તથા વેપાર—કોયલા, લોઢું, રૂ, ચોખા, ઘઉં, જુવાર, તલ, દીવેલી, અફીણ મુખ્ય પેદાશ છે. ખાંડ, તંબાકુ, દોર, મીઠું,

કાપડ, લોઢાંનો સામાન તથા નાળીયેરની મુખ્ય **આયાત** છે.
૨, અનાજ, તલ, દીવેલી, ચામડાં, ઘી, તેલ, ધાતુ, લાખ અને રંગની મુખ્ય **નિકાશ** છે.

ભાગો—મુખ્ય ચાર ભાગો છે. નાગપુર, જબલપોર, છત્રીસગઢ, અને નર્મદાનો પશ્ચિમ ભાગ.

શેહેરો—નાગપુર, મુખ્ય શેહેર, ધોતી જોડા અને ભરત કામ માટે પ્રખ્યાત. કામ્પટી, લશ્કરી મથક. હીંગનઘાટ, રૂ નું મોટું મથક. વારોરા, કોયલાની ખાણો. ચાંદા, ગોંડ રાજ્યનું મુખ્ય શેહેર. જબલપોર, મોટું વેપારનું શેહેર. હોશંગાબાદ, અને બ્રહાનપુર, કસબી વણાટ માટે. રાયપુર, વેપારનું મથક. સંબલપુર, અહિંથી થોડાક હીરા મળે છે.

દેશી રાજયો—નાનાં નાનાં દેશી રાજ્યો જંગલોથી ઘેરાયલાં ઘણાં છે. તેમાં મોટું રાજ્ય બસ્તરનું છે.

વરાડ.

હકીકત—આ નીઝામી સલતનતનો ભાગ ઇ. સ. ૧૮૫૩ માં અંગ્રેજ સરકારને નીઝામનાં રાજ્યમાં લશ્કર રાખવા માટેનાં નિભાવ અર્થે આપવામાં આવ્યા હતો. વધારાની આવક નીઝામ સરકારને પાછી આપવામાં આવે છે. એનું ક્ષેત્રફળ ૧૭,૭૦૦ ચોરસ માઇલ છે. વસ્તિ ૨૮ લાખ ૯૬ હજાર આશરેની છે. એ ભાગ ઘણો રસાલ છે.

નદીઓ—પેનગંગા અને પૂર્ણા.

સરોવર—લુનાર અ   રનું છે.

પેદાશ—પીત્તળના વાસણ, કોયલાની ખાણો તથા રૂ મુખ્ય છે. મુખ્ય નિકાશ રૂ નો છે.

શેહેરો—આંકોલા, મુખ્ય શેહેર છે. ઉમરાવતી. રૂનું મોટું બજાર ઇલીચપુર, અસલ મુસલમાની રાજ્યનું મુખ્ય શેહેર. ખામ ગામ, રૂનો મોટો વેપાર છે.

કુર્ગ.

હકીકત—એ નાનો પ્રાન્ત અંગ્રેજ સરકારને તાબે છે. એમાં જંગલો અને પહાડો ઘણા છે. મુખ્ય વસ્તિ હિંદુ અને મુસલમાનોની છે. ભાષા કેનેરી છે. એનું ક્ષેત્રફળ ૧૬૦૦ ચોરસ માઇલ છે. લોકોની સંખ્યા એક લાખ ને એંસી હઝારની છે. મહિસુરનો રેસીડેન્ટ આ ભાગનો કમીશનર છે.

પેદાશ—એલચી, સુખડ, સાગલી તથા તૃણવૃક્ષના ઝાડો પુષ્કળ છે. કોફી પુષ્કળ થાયછે તથા ડાંગર પણ પાકેછે.

શેહેર—મર્કેરા, મુખ્ય શેહેર છે.

કાશ્મીર.

હકીકત—આ ભાગ સિંધુ નદીના ઉપલા ભાગ તરફ હિમાલય પર્વતના હારોની વચ્ચે છે. દુનિયાની સૌથી નમુનેદાર જગ્યામાંની એક એ છે. કુદરતે એ જગ્યાને ઘણીજ મનહર બનાવેલી છે. એ દેશી રાજ્ય છે. અને અહિંના રાજાને મહારાજા કહે

છે. અહિંયાંની હવા તંદુ[illegible] એનો વિસ્તાર ૨૫ હજાર ચોરસ માઈલ જેટલો છે. વસ્તિ લગભગ ૩૦ લાખ જેટલી છે.

નદી—જેલમ.

સરોવર—વલર.

પેદાશને ઉદ્યોગ—અહિંની ભૂમિ રસાળ હોવાથી ધાન્ય ઠીક પાકે છે. જંગલો ઘણાં છે. કાશ્મીરની શાલ તથા ઉનનું કપડું વિખ્યાત છે. ગુલાબનું અત્તર, હથ્યાર, ચામડાંની ચીજો તથા રોગાનનો સામાન સારો બને છે.

શેહેરો—શ્રીનગર, મુખ્ય શેહેર. આ શેહેર નેહેરોથી વિંટલાયલું છે અને એને 'હિંદનું વેનીસ' કહેવામાં આવે છે. જામુ, સરકારી વડું મથક.

હૈદ્રાબાદ.

હકીકત—એ ભાગ મદ્રાસ ઇલાકાની પશ્ચિમે અને ઉત્તરે છે. એ રાજ્યના હાકેમને નીઝામ કહે છે. આ રાજ્ય હિંદુસ્તાનના બ્રિટિશ રક્ષણ હેઠળનાં સઘળાં દેશી રાજ્યોમાં મોટું અને અગત્યનું છે. આ રાજ્ય મુસલમાની છે. એનું ક્ષેત્રફળ ૮૧,૮૦૦ ચોરસ માઈલ છે અને વસ્તિ લગભગ એક કરોડ ને પંદર લાખ છે. એ રાજ્યમાં અંગ્રેજ સરકાર તરફથી રેસીડેન્ટ રહે છે, જે ગવર્નર જનરલને તાબે છે. અંગ્રેજ રાજ્ય તરફથી આ રાજ્યના બચાવ અર્થે લશ્કર રાખવામાં આવે છે, જેના નિભાવ અર્થે નીઝામ સરકારે અંગ્રે-

એને વરા. .. આપી દીધા છે.

નદીઓ—ગોદાવરી, પેનગંગા, કૃષ્ણા, તુંગભદ્રા, ભીમા મુખ્યછે.

પેદાશ ને હુન્નર—અનાજનો પાક સારો છે. કોયલાની ખાણો છે. રેશમી કાપડ તથા પીત્તલના વાસણ સારાં બને છે.

શેહેરો—હૈદ્રાબાદ, મુખ્ય મોટું શેહેર છે. સીકંદ્રાબાદ, લશ્કરનું મથક. ગોવલકોંડા, હીરા માટે પ્રખ્યાત છે. વરંગુલ, આગળા વખતમાં તેલંગણ હિંદુરાજાની રાજધાની હતી. બેદર, આગળ મુસલમાની રાજ્યની રાજધાની. ગુલબર્ગા, અહિંના ઢોરો જેવા લાયક છે. કલ્યાણ, ચાલુકય વંશની રાજધાની હતું. ઔરંગાબાદ, ઔરંગઝેબ પાદશાહનું માનિતું શેહેર. દોલતાબાદ. કિલ્લો છે. એલેરા અને એજંટા, પર્વતમાં કોતરી કાઢેલા દેહરાંઓ જેવા લાયક છે. જાલના, રેશમી કાપડ માટે.

મહિસૂર.

હકીકત—એમાં હાલ હિંદુ રાજા રાજ્ય કરેછે. અંગ્રેજ સરકારે ટીપુ સુલતાન પાસેથી જીતી લઇ, હિંદુ રાજાને આપ્યો હતો. એ ભાગ ટીપુ સુલતાન અને તેના બાપ હૈદરઅલ્લીના વખતમાં બહુ બળવાન હતો. એનું ક્ષેત્રફળ ૨૮ હજાર ચોરસ માઇલ છે અને વસ્તિ પંચાવન લાખની છે. ભાષ મુખ્ય કરીને કેનેરીઝ છે. એ ભાગમાં પહાડો તથા તળાવ ઘણાં છે.

નદીઓ— કાવેરી અને તેની શાખા તુંગભદ્રા.

પેદાશ—ચોખાનો પાક મુખ્ય છે. [illegible] બુંદ, તંબાકુ ને સાબુ-ચોખા પુષ્કળ થાયછે. ઇમારતી લાકડાં તથા સુખડના ઝાડાની સારી પેદાશ છે.

કોલર પ્રાન્તમાં સોનાની ખાણો છે.

શેહેરો—મહિસૂર, રાજધાની, મહારાજાનું મથક છે. બેંગલોર, લશ્કરી મથક. શ્રીરંગપટ્ટણ, હૈદરના કુટુંબની રાજધાની અને કિલ્લો છે. બેદનુર અને હરિહર, મોટાં શેહેરો છે.

મધ્યહિંદ એજન્સી.

હકીકત—આ એજન્સીને લગતાં નાના મોટાં ૭૧ ખંડયા દેશી રાજ્યો છે, જેઓ ગવર્નર જનરલના એજંટ, રેસીડેન્ટના તાબા હેઠળ છે. એ ભાગ આગ્રા અને રજપુતાનાની દક્ષિણે છે. એનું ક્ષેત્રફળ ૭૮ હઝાર ચોરસ માઇલ છે અને વસ્તિ ૮૫ લાખની છે મુખ્ય કરીને બુંદેલખંડ, રેવા, ઈંદોર, ભોપાળ, અને ગ્વાલીઅરનાં રાજ્યો મોટાં છે.

પેદાશ—ઘઉં, અફીણ. રૂ, શેરડી, તંબાકુ મુખ્ય છે. હીરા. અને રત્નની ખાણો છે.

દેશી રાજ્યો—બુંદેલખંડ-એનો મોટો ભાગ અંગ્રેજ સરકારનાં હાથમાં છે. બાકીનો ૩૫ દેશી રાજ્યો અને જાગીરોમાં વહેંચાયલો છે. મુખ્ય સંસ્થાનોમાં પુર્વમાં **પન્ના** છે, ત્યાંથી હીરા નીકળે છે. તથા તેહરી સંસ્થાન પશ્ચિમમાં છે. આ ભાગ પહાડો અને જંગલવાળો છે.

રેવા—એ ભાગ પણ પહાડો અને જંગલવાળો છે, પણ

મોટા છે. ... ... બીજા નંબરે આવે છે. મુખ્ય શેહેર રેવા છે, અહિં કિંમતી ખાણો છે. દક્ષિણમાં કોયલાની ખાણો છે. આ રાજયની વસ્તિ વીસ લાખની છે.

ઇંદોર—આ ભાગ નર્મદા નદીની બંન્ને બાજુના છૂટા છૂટા ભાગોમાં સમાયલો છે. અફીણનો મોટો પાક અહિં થાય છે. એનું ક્ષેત્રફલ ૮૦૦૦ ચોરસ માઇલ છે ને વસ્તિ ૧૧ લાખ ૪૦ હજાર છે. અહિં ભીલો ઘણા વસે છે. આ રાજયનો વડો હોલ્કર વંશનો છે. મુખ્ય શેહેરો ઇંદોર, રાજધાની છે. મઉ. લશ્કરી છાવણી છે. ઇંદોરની પશ્ચિમે **ધારનુ** નાનું રાજય છે.

ભોપાળ—આ રાજય નર્મદા નદીની ઉત્તરે છે. ત્યાંની રાજયકર્તા બેગમ છે અને તે મુસલમીન છે. મુખ્ય શેહેર ભોપાળ બેટવા નદી આગલ છે. આ રાજય ઇંદોર કરતાં નાનું છે

ગ્વાલીઅર—આ રાજય મધ્યહિંદ એજન્સીમાં સૌથી મોટું છે અને તે સિંધીઆનું ગણાય છે. એની કુલ્લે વસ્તિ ૩૫ લાખની છે. એ રાજયનો ઉત્તરનો ભાગ ગરમ, પહાડી અને ઉજજડ છે; જયારે દક્ષિણ ભાગ રસાલ અને ઠંડા છે. મુખ્ય ભાષા હિંદી છે. મુખ્ય શેહેર ગ્વાલીઅર, અહિં લશ્કર રહે છે. અહિયાંનો કિલ્લો જોવા લાયક છે. ઉજજન. માળવાની રાજધાની છે. નીમચ, લશ્કરી છાવણી છે.

રજપુત સંસ્થાનો.

હકીકત—આ સંસ્થાનો સિંધની પૂર્વે અને પંજાબની દક્ષિણે આવેલાં

છે. એનું ક્ષેત્રફળ ૧,[illegible] માઇલ હોવાથી તે મુંબઈ ઇલાકા કરતાં મોટું છે. એમાં ફક્ત એક નાનો ભાગ અંગ્રેજોને તાબે છે. બાકીનો ભાગ ૧૮ દેશી રાજ્યોમાં વહેંચાયલો છે. કુલે વસ્તિ એક કરોડની છે. આ રાજ્યોપર પોલીટીકલ એજન્ટ દેખરેખ રાખે છે, જે શીરોહીમાં રહે છે. ભાષામાં હિંદી ભાષાને લગતી જુદી જુદી ભાષા છે.

રણ—મારવાડનું મોટું રણ છે.

પર્વતો—અરવેલી અને આબુ.

નદીઓ—સાબરમતી, મહી, ચંબલ, બનાસ અને લુની.

સરોવર—સાંબર. ખારાં પાણીનું છે.

પેદાશ—અનાજ મુખ્ય થાય છે. સોના, રૂપાં, રત્નો, તાંબા તથા આરસના કિંમતી પથ્થરોની સારી ખાણો છે. સિંધવની પણ ખાણો છે.

દેશી રાજ્યો—ઉત્તરમાં બીકાનેર ને અલવાર. પૂર્વમાં કીશનગઢ, જેપુર, ભરતપુર, ધોળપુર, કીરોલી અને ટોંક. દક્ષિણમાં બુંદી, કોટા, ઝાલાવાડ, પ્રતાપગઢ, વાંસવાડ, ડુંગરપુર, મેવાડ અથવા ઉદેપુર અને પશ્ચિમમાં મારવાડ અથવા જોધપુર અને જેસલમીર.

ભરતપુર અને ધોલપુરનાં રાજ્યો જત લોકોનાં છે. ટોંક મુસલમાન નવાબનું છે. બાકીનાં રાજ્યો રજપુતોનાં છે.

મુખ્ય શેહેરો—ઉદેપુરનું મુખ્ય શહેર ચીતોડ છે. બાકીના રાજ્યોનાં જે તે નામનાં શેહેરો છે. મારવાડ અને બીકાનેર પશુએ

માટે પ્રખ્યાત છે. મારવાડના બળદો તથા ઉંટો સારાં છે તેમજ આરસ જડે છે અને બીકાનેરની સાંઢણી ઝડપી હોય છે. બ્રિટિશ રાજ્યના ભાગનું મુખ્ય શેહેર અજમેર છે. જેપુરમાં સોના, રૂપાં, રત્નો, તાંબાની કિમતી ખાણો છે. શીરોહી તરવાર માટે પ્રખ્યાત છે.

જાવાના સ્થળો--આબુ તથા પુષ્કરજી (પાંકરજી), અજમેરની પાસે છે. આબુમાં જૈનોનાં દેહરાં છે તથા પુષ્કરજીમાં બ્રહ્માનું દેહરૂં છે.

વડોદરા રાજ્ય.

જુઓ મુંબઇ ઇલાકાની ભૂગોળમાં.

બ્રહ્મદેશ.

હકીકત—આ પ્રાન્ત આસામની દક્ષિણે છે. એ ઇ૦ સ૦ ૧૮૫૫ માં અંગ્રેજ સરકારે જીતી લીધો હતો. જો કે એ હિંદુસ્તાનનો એક ભાગ નથી જતાં હિંદી સરકાના હાથમાં હોવાથી હાલમાં તેને હિંદના એક ભાગ તરીકેજ ગણવામાં આવછે. એનું ક્ષેત્રફળ ૧૬,૮૦૦ ચોરસ માઇલ છે.

ભૂશિર— નીગ્રેસ, નૈરૂત્યે છે.

અખાત—માર્ટાબાનનો અખાત.

નદીઓ—ઇરાવદી અને સીતોંગ મુખ્ય છે.

પેદાશ—ખેતી મુખ્ય છે. રેશમી અને સુતરાઉ કાપડ સારૂં થાય છે. મુખ્ય **નિકાશ** ચોખા, ઇમારતી લાકડાં, ગુંદર, રૂ અને

ચામડાંની છે. સુતરાઉ [illegible] રેશમ અને પાનની મુખ્ય **આયાત** છે. માણેક અને પાનાંની ખાણો છે.

લોકો અને હુન્નર—વસ્તિ ૬૦ લાખની છે. બર્મીઝો ઢોળ ચઢાવવામાં અને મોટા ઘંટ બનાવવામાં કુશળ છે. તેઓ કેળવણીમાં વધેલા છે. ધર્મ બૌદ્ધ છે.

શેહેરો—માંડલે, મુખ્ય શેહેર છે, ચોખા અને લાકડાંનો મોટો વેપાર ચાલે છે. રંગુન, સરસ બંદર તથા ચોખાનો ધીકતો વેપાર છે. અક્યબ અને મોલમીન, સાગનાં લાકડાંનાં વેપારના સ્થળો છે. ભામો, સારો વેપાર છે.

બ્રિટિશ બલુચીસ્તાન.

હકીકત—એ હિંદુસ્તાનની પશ્ચિમે છે. આ ભાગ પણ હિંદ બહારનો છે, છતાં હિંદી સરકારનો હોવાથી એક તરીકે ગણવામાં આવ્યો છે. એમાં બલુચીસ્તાનનો થોડો ભાગ સમાયલો છે. આ ભાગ ખાસ લેવાનું કારણ પરદેશી હુમલાઓ આ રસ્તે હિંદપર આવે નહિ તે માટે છે. એ ભાગમાં રેલ્વેનો વ્યવહાર છે. અહિંનો વડો ચીફ કમીશનર છે.

પેદાશ—ઘેટાં, ઢોર, ચામડાં ને ઉન.

શેહેરો—કવેટા, મુખ્ય શેહેર અને લશ્કરી મથક છે; એ બોલનપાસ ને મથાળે છે. સીબી, બીજું શેહેર છે.

આન્દામાન બેટો.

હકીકત—એ બેટો બંગાળના ઉપસાગરમાં છે. એમાં ચાર મુખ્ય અને બીજા નાના બેટો છે. એ બેટો હિંદુસ્તાનમાંથી દેશ

નિકાલ થયેલા કેદીઓ ઉપયોગમાં આવે છે. એ પણ હિંદુસ્તાનથી દુર છે, પણ હિંદી સરકારના તાબામાં હોવાથી અંદર ગણાય છે. એનું મુખ્ય શેહેર, પોર્ટ બ્લેર છે.

સ્વતંત્ર પહાડી રાજ્યો.

હકીકત—આ પહાડી રાજ્યોમાં નેપાળ અને ભૂતાનના રાજ્યો સમાઇ જાય છે. નેપાળનું રાજ્ય ટીબેટની દક્ષિણે અને બંગાળની ઉત્તરે આવેલું છે. ભૂતાનનું રાજ્ય આસામ અને ટીબેટની વચ્ચે છે. નેપાળની હવા બહુ સારી છે. એમા જંગલો ઘણાં છે. અહિંના રાજકર્તા ગુરખા જાતના છે. લોકો બૌધ ધર્મ પાળે છે. ભૂતાનમાં બૌધ ધર્મગુરૂઓ (લામા) નું મોટું મથક છે. અહિંયાંના લોકો ઉધ્યોગી છે. નાનાં રાજ્યોમાં પહાડી જાતો વસે છે. તેઓમાં માત્ર મણીપુરનું રાજ્ય સુધરેલું છે. નેપાળ. ભૂતાનના રાજાને દેબ રાજા કહે છે.

પર્વતા—એવેરેસ્ટ. ધવલગીરી, વગેરે હિમાલયનાં શિખરો છે.

નદી—કુશી.

પેદાશ—કિમતી ઇમારતી લાકડાં તથા ધાતુની ખાણો ઘણી છે. ચોખાનો સારો પાક છે.

શેહેરો—ખટમંડુ, નેપાળનું મુખ્ય શેહેર. અહિંયાં ઘણાં દેહરાં છે. પુનાખા, ભૂતાનનું મુખ્ય શેહેર. કુદરતી મજબુત કિલ્લેબંદ છે.

પરદેશી

ફ્રેંચોના સંસ્થાનો હિંદુસ્તાનમાં નીચે મુજબ છે:—

પોંડીચેરી, કારીકલ, માહી અને યાનન, મદ્રાસ ઇલાકામાં

ચંદ્રનગર, પૂર્વ બંગાળમાં છે. પોંડીચેરીમાં આ સંસ્થાનોનો ફ્રેંચ ગવર્નર રહે છે.

પોર્ટુગીઝ સંસ્થાનો:—

ગોઆ અને દમણ, મુંબઇની ઉત્તરે. દીવ, કાઠિયાવાડમાં. ગોઆ અસલ પ્રખ્યાત હતું. ગોઆમાં પોર્ટુગીઝ ગવર્નર જનરલ રહે છે.

હિંદ[illegible] જાણવા જોગ.

કોયલા—પશ્ચિમ બંગાળ અને મધ્ય પ્રાંતોમાં.

નીમક—સંભર સરોવર, મુંબઈના નજદીકનો કિનારો અને મદ્રાસમાં.

અફીણ—બીહાર અને માળવામાં.

ગળી—બંગાળ, બહાર અને મદ્રાસ ઇલાકામાં.

શણ—બંગાળ.

રૂ કાંતવાનું—મુંબઈ, ભરૂચ, અમદાવાદ, કલકત્તા, મદ્રાસ, કાનપોર અને ઈંદોરમાં.

રેશમ ઉદ્યોગ—બંગાળ અને મહિસૂરમાં.

શાલ—કાશ્મીર, અમ્રિતસર અને લુધીઆનામાં.

ઘરેણાં—ટ્રીચનાપોલી, કટક અને કચ્છ.

સીસમનું ફરનીચર—મુંબઈ.

કાગળનો સામાન—કાશ્મીર.

પરદેશ

ગ્રેટબ્રિટન—અફીણ સિવાય હિંદના વેપારનો મોટો ભાગ.

ચીન—હિંદમાંથી ત્યાં અફીણ, સુતરાઉ કાપડ અને રૂ જાય છે, ત્યારે ત્યાંથી કાચું રેશમ અને ખાંડ આવે છે.

ફ્રાન્સ—હિંદમાંથી ત્યાં તેલી બિયાં, રૂ, ગળી, કોફી અને સુતર જાય છે ત્યારે ત્યાંથી કપડાં અને દારૂ આવે છે.

ઈટાલી—હિંદમાંથી ત્યાં રૂ, તેલીબિયાં, ચામડાં અને ઘઉં જાય છે. ત્યાંથી પરવાળાં અને મણુકા વગેરે આવે છે.

બેલજીઅમ—હિંદમાંથી ત્યાં રૂ, તેલીબિયાં અને અનાજ જાય છે.

ઑસ્ટ્રીઆ—હિંદમાંથી ત્યાં રૂ, ગળી અને ચામડાં જાય છે.

રૂશિયા—ત્યાંથી હિંદમાં કેરોસીન તેલ આવે છે.

યુનાઇટેડ સ્ટેટસ—હિંદમાંથી ત્યાં શણ, તેલીબિયાં, ગળી ને ચામડાં જાય છે ત્યારે ત્યાંથી કેરોસીન તેલ આવે છે.

હકીકત. આ ટાપુ હિંદી મહાસાગરમાં મોટો છે અને તે હિંદુસ્તાનની દક્ષિણે છે. એનું ક્ષેત્રફળ પચીસ હજાર ચોરસ માઇલ છે. વસ્તી ૩૫ લાખની છે. ટામીલ, સીંગાલીઝ અને મુર જાતના લોકો છે. બૌદ્ધ અને હિંદુ ધર્મો મુખ્ય છે. સીલોનના ગવર્નરની નિમણૂક ઇંગલાંડની સરકાર કરે છે. અને તે ઇંગલાંડના પરદેશ ખાતાના વજીરને જવાબદાર છે.

પર્વત—એડમ, મોટો પર્વત છે. જેનું મોટું શિખર પેદરોતાલાગાલા છે.

નદી—મહાવીલી ગંગા, મુખ્ય છે.

પેદાશ—ચા, ચોખા, નાળિયેર, કોફી, પાન. તજ અને સીંકોન (કીનાઈન ઝાડ) મુખ્ય છે. હાથી, ચિત્તા અને રીંછ જંગલી જાનવરો છે.

ખાણો—સીલોનની ખાણો કિંમતી હીરાઓ માટે પ્રખ્યાત છે કિનારાપર મોતી ઘણું થાય છે. પણ સૌથી કિંમતી ખાણ પ્લમબેગોની છે.

શેહેરો—કોલંબો, મુખ્ય શેહેર છે, અહિં ચા, ખુંદ, કોપરાનું તેલ. અને તજનો મોટો વેપાર છે. કાન્ડી, લંકાના અસલી રાજાઓની રાજધાની. ટ્રીંકોમાલી અને પોઈન્ટડી ગાલા, બંદરો છે.

ભાગ ૧ સમાપ્ત.

એશિયા ખંડ. (Asia.)

હકીકત—માણસ જાતનું પ્રથમનિવાસ સ્થાન, અસલનાં મહાન રાજ્યોનું સ્થળ તથા તમામ ધર્મોનું મૂળસ્થાન આ દેશ છે. આર્ય પ્રજાનું પ્રથમ સ્થાન એજ છે તથા યુરોપની હાલ બોલાતી ભાષાનું મૂળ પણ એશિયા છે. આ ખંડ લગભગ મોટે ભાગે બીજા ખંડો સાથે જોડાયલો જેવો છે. અમેરિકા અને એશિયા વચ્ચે બેહરીંગની સામુદ્રધુની છે. બધા ખંડોમાં આ ખંડ મોટો છે તથા દુનિયાની વસ્તિનો અડધો ભાગ અંહિયાં છે. યુરોપ સાથે આ ખંડ એટલો બધો જોડાયલો છે કે કેટલાક ભૂગોળવેત્તાઓ આ બંને ખંડોને જોડી 'યુરેશીઆ' નામે તેમને ઓળખે છે. આ ખંડ, યુરોપ ખંડને ઘણીક બાબતમાં મળતો આવે છે. એનો સૌથી ઉંચો પ્રદેશ મધ્યમમાં છે.

વિસ્તાર—આ ખંડ આશરે ૫૫૦૦ માઇલ પહોળો અને ૫૯૯૦ માઇલ લાંબો છે. જમીનનો વિસ્તાર એક કરોડ ને ૭૫ લાખ ચોરસ માઇલનો છે.

સીમા--ઉત્તરે, આરટિક મહાસાગર (Arctic Ocean); પૂર્વે પાસિફિક મહાસાગર (Pacific Ocean); દક્ષિણે, હિંદી મહાસાગર (Indian Ocean); પશ્ચિમે, ભૂમધ્ય સમુદ્ર (Mediterranean Sea); રાતો સમુદ્ર (Red Sea), કારપીઅન સમુદ્ર (Caspian Sea) અને યુરલ પર્વત (Ural Mountain).

પૂર્વમાં.

સમુદ્રો—ચીનાઇ સમુદ્ર (Chinese Sea)—હિંદી ચીનની પૂર્વે છે.

પીળો સમુદ્ર (Yellow Sea)—ચીન ને કોરિયાની વચ્ચે છે.

જાપા(Japanese Sea)-કોરિયા અને જાપાનની વચ્ચે છે.

ઓખોટસ્કનો સમુદ્ર (Okhotosk)-સૈબીરિયા ને અમેરિકાની વચ્ચે છે.

દક્ષિણમાં.

અરબી સમુદ્ર (Arabian Sea)-હિંદુસ્તાન અને આફ્રિકાની વચ્ચે છે.

પશ્ચિમમાં.

રાતો સમુદ્ર (Red Sea)-અર્બસ્તાનની પશ્ચિમે છે.

આર્ચીપેલેગો સમુદ્ર (Archœpelago Sea)-એશિયાઇ તુર્કસ્તાનની પશ્ચિમે છે.

અખાતો.

ઉત્તરમાં.

ઓબીનો અખાત—સૈબીરિયાની વાયવ્યે છે.
(Obi;)

પુર્વમાં

નાનકીનનો અખાત (Nanking.)-ચીનાઇ સમુદ્ર આગળ છે.

સિયામનો અખાત (Siam.)-સિયામની દક્ષિણે છે.

દક્ષિણમાં.

એડનનો અખાત (Aden)-રાતા સમુદ્ર આગળ છે.

ઇરાની અખાત (Persian)-ઇરાન અને અર્બસ્તાનની વચ્ચે છે.

ઓમાનનો અખાત (Oman)-ઇરાનની દક્ષિણે છે.

કચ્છ અને ખંભાતનો અખાત (Kutch, Cambay)-હિંદુસ્તાનની પશ્ચિમે છે.

મનારનો અખાત (Mar   અને સીલોનની વચ્ચે છે.

માર્ટાબાનનો અખાત (Martaban)-હિંદુસ્તાનની પૂર્વે છે.

સામુદ્રધુનીઓ.

બાબલમાંડબ (Babelmandeb)-રાતો સમુદ્ર ને હિંદી મહાસાગરને જોડે છે.

ઓર્મઝ (Ormuz)-ઈરાની અખાત અને અરબી સમુદ્રને જોડે છે.

પાક (Palk)-મનારનો અખાત અને હિંદી મહાસાગરને જોડે છે.

મલાક્કા (Malacca)- હિંદી મહાસાગર અને ચીનાઈ સમુદ્રને જોડે છે.

કોરિયા (Korea)-પીળો સમુદ્ર અને જાપાની સમુદ્રને જોડે છે.

બેહરીંગ (Behring)-બેહરીંગનો સમુદ્ર અને આરટિક મહાસાગરને જોડે છે.

દ્વીપો. ઉત્તરે.

લીઆકોવ (Liakov)-આરટિક મહાસાગરમાં છે.

દક્ષિણે.

આન્ડમાન અને નીકોબાર (Andaman; Nicobar)-બંગાળાના ઉપસાગરમાં છે.

સીલોન (Ceylon)-હિંદુસ્તાનની દક્ષિણે છે.

લકદીવ અને માલદીવ (Laccadives, Maldives)-અરબી સમુદ્રમાં છે.

પૂર્વે.

ફીલીપાઇન (Philippine)-ચીનાઇ સમુદ્રની પુર્વે છે.

હેનાન (Hainan)-ચીનની દક્ષિણે છે.

ફોર્મોસા, ...નની પૂર્વે છે.

જાપાન (... ...ની પૂર્વે છે.

સઘેલીઆન (Saghalien)-તાર્તરીનો અખાત અને ઓખો-ટસ્કના સમુદ્રની વચ્ચે છે.

કયુરીલ (Kurile)-સૈબીરિયાની પૂર્વે છે.

પશ્ચિમે.

રોડઝ અને સાઇપ્રસ (Rhodes, Cyprus)-ભૂમધ્ય સમુદ્રમાં છે.

દ્વિપકલ્પો. પૂર્વે.

કામચાટકા (Kamchatka)-સૈબીરિયાની પૂર્વે છે.

કોરિયા (Korea)-ચીનાઇ રાજ્યની પૂર્વે છે.

દક્ષિણે.

અર્બસ્તાન, હિંદુસ્તાન, હિંદી ચીન.

Arabia; India; Indo-China.

પશ્ચિમે.

એશિય માઇનોર (Asia Minor)-કાળા સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્રની વચ્ચોવચ છે.

ભૂશિરો. ઉત્તરે.

ચેલ્યુસકીન (Chelyuskin)-સૈબીરિયાની ઉત્તરે. છેક ઉત્તર બિંદુ છે.

પૂર્વે.

પૂર્વ ભૂશિર (East Cape)-સૈબીરિયાની પૂર્વે. છેક પૂર્વ બિંદુ છે.

લોપાટકા (Lopatka)–કામચાટકાની દક્ષિણે છે.

દક્ષિણે.

કેમબોડીઆ (Cambodia)–કોચીન ચીનની દક્ષિણે છે.

રોમાનીઆ (Romania)–મલાયાની દક્ષિણે. છેક દક્ષિણ બિંદુ છે.

નીગ્રેસ (Negrais)–બ્રહ્મદેશની દક્ષિણે છે.

કોમોરીન (Comorin)–હિંદુસ્તાનની દક્ષિણે છે.

રાસલ હદ Rasel (Hadd)–અર્બસ્તાનની પૂર્વે છે.

પશ્ચિમે.

બાબા (Baba)–એશિયામાઇનોરની પશ્ચિમે છે.

પર્વતો.

ઉત્તરે.

આલટાઇ (Altai)–સૈબીરિયાની અગ્નિએ છે.

પૂર્વે.

ખીંગાન (Khingans)–ચીનમાં છે. આ જ્વાળા મુખી પર્વતો છે.

દક્ષિણે.

હિંદુકુશ (Hindukush)–અફઘાનીસ્તાનની ઉત્તરે છે.

હિમાલય (Himalaya)–હિંદુસ્તાનની ઉત્તરે છે. દુન્યામાં એ સૌથી મોટો છે. મુખ્ય શીખર એવરેસ્ટ.

પશ્ચિમે.

યૂરલ (Ural)–એશિયાઇ રૂશિયાની પશ્ચિમે છે.

તોરસ (Taurus)–એશિયાઇ તુર્કસ્તાનમાં છે.

કૉકેસસ (Caucasus)-કાળા સમુદ્ર અને કારપીઅન સમુદ્રની વચ્ચે છે.

એલબુર્ઝ (Elburz)-ઇરાનની ઉત્તરે છે.

મધ્યે.

થીઆનશાન અને કવેનલીન (Thianshan; Kuenlin)	-ટીબેટની ઉત્તરે છે.

કારાકોરમ (Karakorum)-ટીબેટમાં છે.

રણો.

અરબી રણ (Arabia)-અર્બસ્તાનની દક્ષિણે.

થારનું રણ (Thar)-હિંદુસ્તાનની ઉત્તરે.

ગોબીનું રણ (Gobi)-ચીનની ઉત્તરે.

નદીઓ.

ઉત્તર મહાસાગરમાં પડનારી નદીઓ:

ઓબી, એનેસી, અને લેના (Obi, Yenesei, Lena)	-સૈબીરિયામાંથી વહેછે. ઓબી, આલતાઇ પર્વતમાંથી તથા લેના, બૈકલ સરોવર આગળના પર્વતમાંથી નીકળેછે.

પાસિફિક મહાસાગરમાં પડનારી નદીઓ:

મીકૉંગ (Mekong)-ટીબેટના પહાડી મુલકમાં થઇ, હિંદી ચીનમાંથી વહે છે.

હોંઆંગહો અને યાંગસેકયાંગ (Hoangho; Yangtsekiang)	કવેનલીન પર્વતમાંથી નીકળી, ચીનમાંથી વહે છે.

આમુર (Amur)-હિંદુકુશ નીકળી સૈબીરિયાની અગ્નિ કોણમાંથી થઇને વહે છે.

બંગાળના ઉપસાગરમાં પડનારી નદીઓ:

ઇરાવદી (Irawadi)–બ્રહ્મ દેશમાંથી નીકળે છે.

ગંગા, બ્રહ્મપુત્રા–(Ganges, Bramhapootra)-હિંમાલય પર્વતમાંથી નીકળી, હિંદુસ્તાનમાંથી વહે છે.

દક્ષિણમાં.

સિંધુ (Indus)–હિમાલય પર્વતમાંથી નીકળી, હિંદુસ્તાનમાં થઇ, અરબી સમુદ્રને મળે છે.

યુફ્રેતિસ ને તીગ્રિસ (Euphrates; Tigris) } એશિયાઇ તુર્કસ્તાનમાંથી વહી, મૃત સરોવરમાં પડે છે.

મધ્યમાં.

સીરદરિયા (Syr Daria)–થીઆનશાન પર્વતમાંથી નીકળી એરલ સરોવરમાં પડે છે.

આમુ દરિયા (Amu Daria)-કારાકોરમ પર્વતમાંથી નીકળી, એરલ સરોવરમાં પડે છે.

જોર્ડન (Jordon)–એશિયાઇ તુર્કસ્તાનમાંથી વહી, મૃત સરોવરમાં પડે છે.

આ ખંડમાં સૌથી લાંબી નદી યાંગસેક્યાંગ છે કે જે ૩,૩૦૦ માઇલની છે.

સરોવરો.

૧ કાસ્પીઅન (Caspian)—ઇરાનની ઉત્તરે છે.

૨ એરલ (Eral)—કાસ્પીઅન સમુદ્રની પૂર્વે છે.

૪ બેઇકલ (Baikal)—સૈબીરિયાની દક્ષિણે છે.

૪ બાલકશ Balkash)— „ „

૫ ઝૈઇસન (Zaisan)—મંગોલ્યામાં છે.

૬ લોબનોર (Lobnor)—પૂર્વ તુર્કસ્તાનમાં છે.

૭ ટેગ્રીનોર (Tegrinor)—ટીબેટમાં છે.

૮ ઉરૂમિયાં (Urumiah)—ઇરાનમાં છે.

૯ મૃત સરોવર (Dead Sea)—એશિયાઇ તુર્કસ્તાનમાં છે.

૧૦ વલર (Wullar)—હિંદુસ્તાનમાં ઉત્તરે છે.

૧૧ કોલર (Collar)—હિંદુસ્તાનમાં પૂર્વે છે.

આબોહવા—ઉત્તરમાં લાંબો કકડતો શિયાળો રહે છે; મધ્ય ભાગ ઠંડો અને સુકો છે. નૈરૂત્ય ખૂણામાં ગરમી ઘણી પડે છે અને વરસાદ મોટે ભાગે પડતો નથી. દક્ષિણમાં ગરમી પડેછે પણ ઘણો વરસાદ વરસે છે. આ ખંડમાં ઉંચામા ઉંચો ને નીચામાં નીચો પ્રદેશ હોવાથી બધી જાતની આબોહવા મળી શકે છે. એશિયાના બધા ભાગો વિષુવવૃત્તથી ઉત્તર ધ્રુવના બાર અંશ સુધીમાં આવી જાય છે.

પેદાશ—ચોખા ને બાજરી દક્ષિણ ભાગમાં મુખ્ય થાય છે. ઘઉં, જવ, અને બાજરી, ઉત્તર ભાગમાં મુખ્ય થાય છે. જુદી જુદી જાતનો મસાલો, દક્ષિણ ભાગમાં મુખ્ય થાય છે. ચા, ચીન, જાપાન, હિંદ ને સીલોનમાં મુખ્ય થાય છે.

કારી, સીલોન, હિંદ, ને [illegible]સ્તાનમાં મુખ્ય થાય છે કે જેના જેવી દુનિયામાં બીજે ઠેકાણે થતી નથી.

રૂ અને ગળી હિંદમાં મુખ્ય થાય છે.

ગરમ ભાગોમાં તાડ અને શેરડી મુખ્ય થાય છે.

જાનવરો—જાનવરોના બાબમાં આ ખંડ કિંમતી છે.

હાથી—હિંદ અને હિંદી ચીનમાં મુખ્ય છે.

ઘોડા—ઈરાનમાં મુખ્ય છે.

ઊંટ—નૈરૃત્ય એશિયા, હિંદ અને તાર્તરીમાં મુખ્ય છે.

સિંહ—પશ્ચિમ એશિયામાં મુખ્ય છે.

વાઘ—દક્ષિણ એશિયામાં મુખ્ય છે.

ઉત્તરમાં ઘણી સુંદર જાતના પક્ષિઓ, દક્ષિણમાં ઝેરી સાપો ને ગરમ મુલકોમાં રેશમના કીડાઓ થાય છે.

ખનિજ—સૈબીરિયામાંથી સોનું અને રૂપું મળે છે.

ચીનમાંથી પારો મળે છે.

બ્રહ્મદેશમાંથી કલઈનાં પતરાં મળે છે.

હિંદમાંથી દુનિયાના સૌથી કિંમતી જવાહીરો મળે છે.

બરમા ને સીલોનમાંથી લાલ અને પોખરાજ મળે છે.

જુદા જુદા ભાગોમાંથી લોઢું, સીસું, તાંબુ, કોયલા, મીઠું, વગેરે પુષ્કળ મળે છે.

વસ્તિ—એશિયાની વસ્તી ૮૬ કરોડ માણસની ગણાય છે. દુનિયાની કુલ વસ્તિ કરતાં તે અડધાથી વધુ છે. ચીન, હિંદ ને જાપાનમાં વસ્તિ ખીચોખીચ છે. પશ્ચિમ એશિયા અને હિંદનો લગતા લોકો કોકેશિયન જાતના છે. મલાયાની જાતને

લગતા મલાયા અ…પાસના ટાપુઓના છે. ચીન, મધ્ય અને ઉત્તર એશિયાના લોકો મંગોલિયનો છે.

ધર્મો—દુનિયાના સઘળા મોટા ધર્મનું મૂળ એશિયા છે. આગળા વખતમાં દેવની પુંજા ઘણી હતી. હિંદમાં હિંદુ; ચીન, મધ્ય એશિયા ને ઉત્તર હિંદમાં બૌધ્ધ; પશ્ચિમ એશિયામાં મુસલમાની વિગેરે મોટા ધર્મો છે. જરથોસ્તી ધર્મનો પારસી ટોળો બહુ નાનો રહી ગયો છે, જેઓ ઈરાન અને હિંદમાં છે. આ ખંડમાં ખ્રિસ્તી ધર્મનો ફેલાવો પણ થવા માંડયો છે.

વ્યાપાર સંબંધી સ્થિતિ—એશિયાખંડની ઉત્તર ભાગના લોક મચ્છી મારનો અથવા શિકારીનો ધંધો કરે છે. મધ્યના ગ્રામ્ય જીવન ગાળેછે. પશ્ચિમ અને દક્ષિણમાં સ્થાયી જીવન-વાળાં માણસો છે. રૂ કાતવુંને વણવું એ હિંદુસ્તાનમાં વધુ છે. કોતરકામ, મીનાકારી, ભરતકામ ને શૃંગારી કામ હિંદુસ્તાન, ચીન, જાપાન, એશિયા માઇનર ને ઇરાનમાં બહુ ઉંચા પ્રકારનું થાયછે. આ સ્થળોપરનું રાચરચીલું, રેશમ ઉપરનું કામ, ઝવેરાત બેસાડવાનું કામ, સોનાં તથા ચાંદી-પરનું ચિત્રકામ, જાજમ, ગાલીચા દરેકને ટક્કર મારે એવાં છે.

વ્યાપાર, રસ્તા તથા સાંધનો—આ ખંડનો દુનિયા સાથે જુનામાં જુનો વ્યાપાર ચાલેછે. ઉંટ, ઘોડા, ઘેટાં કેટલેક સ્થળે વ્યા-પારનાં સાંધનો છે. જાપાન, હિંદ, ચીન ને હિંદીચીનમાં હવે રેલ્વેની સવડ થઇ છે. યૂરોપ તથા અમેરિકાના સંયુક્ત

સંસ્થાનો સાથે આ [illegible]ટો વ્યાપાર ચાલેછે. આ ખંડના ખુશ્કીના માર્ગો પગથી જેવા છે. આ ખંડમાં પૂર્વથી પશ્ચિમમાં જવાય તેવી સવડ ઉત્તરથી દક્ષિણ જવામાં નથી, કેમકે રસ્તામાં પહાડી ઉંચ પ્રદેશો ને ઘાડાં જંગલો છે. ચીનમાં પાણીના પ્રવાહને વ્યાપારનાં સાધન તરીકે ઉપયોગમાં લેવામાં આવ્યો છે તથા રૂશિયાએ પોતાના પ્રાન્તમાં રેલ્વે દાખલ કરેલી છે.

રાજકિય વિભાગો.

ભાગો.		મુખ્ય શેહેરો.
	ઉત્તરમાં.	
એશિયાઈ રૂશિયા (Asiatic Russia)		—ઇર્કુટસ્ક (Irkutusk)
	પૂર્વમાં.	
ચીનાઇ રાજ્ય (Chinese Empire)		—પેકીન (Pekin)
જાપાન (Japan)		—ટોકીઓ (Tokio)
	દક્ષિણમાં.	
હિંદુસ્તાન (India)		—કલકત્તા (Calcutta.)
હિંદી ચીન (Indo China)		—માંડળે (Mandalay)
	પશ્ચિમમાં.	
એશિયાઇ તુર્કસ્તાન (Turkey in Asia)		—સ્મર્ન (Smyrna)
અર્બસ્તાન (Arabia)		—મક્કા (Mecca)
	મધ્યમાં.	
ઇરાન (Persia)		—તેહરાન (Teheran)
અફ્ઘાનીસ્તાન (Afganistan)		—કાબુલ (Kabul)
બલુચીસ્તાન (Baluchistan)		—ખેલાત (Khelat)

કિંમતી ના બે નમુના.

મી. દીનશાહ કુંવરજી ભાગળીઆ..............આ રાજ્યની શાળાઓના ઉપયોગ સારૂ ભૂગોળ તૈયાર કરવા બદલનું તમારૂં મેન્યુ-સ્ક્રિપ્ટ આવેલું તે ઠરાવ નંબર $\frac{12}{૨૯-૯-૧૦}$ થી ટેક્સ્ટ બુક તરિકે ....મંજુર કરવામાં આવે છે...............

વડોદરા,
૨૯-૯-૧૦

A. M. MASANI,
M. A; B. SC.,
વિદ્યાધિકારી
વડોદરા રાજ્ય.

મી० ભાગળીઆની ભૂગોળનું મેન્યુસ્ક્રિપ્ટ મેં જોયું છે અને મને તે ઘણું ઉપયોગી તથા કેળવણીખાતાં તરફના દરેક ઉત્તેજનને યોગ્ય જણાયું છે આ ભૂગોળ તદ્દન નવી પધ્ધતપર લખવામાં આવી છે અને બેશક ભૂગોળ જેવાં મહત્વનાં શિક્ષણમાં તે શિક્ષકો અને શિષ્યોમાં રસમય થઇ પડી, આ વિષય તરફ સારી ભાવના ઉત્તપન્ન કરશે. કેળવણી ખાતાઓનાં ઉત્તેજનથી મી० ભાગળીઆ પોતાનાં આ પુસ્તકને નકશા આદિ દાખલ કરી, હજી વધુ બેંચાણકારક કરી શકશે.

વડોદરા,
૨૦-૮-૧૦

G. H. DESAI,
B. A., LL. B.
સેન્સસ સુપ્રિન્ટેન્ડેન્ટ
વડોદરા રાજ્ય.